તા.:૧૯– ૧૦ –૨૦૧૫ ની કારોબારી સમીતીની કાર્યનોંધ..

---

<u>કામ નં.–૧.</u>

<u>વિષય:–</u> ફા.એન્ડ લા.ક. ઠ.નં.૨૨ / તા.:૧૧–૬–૧૫ ની ભલામણ મુજબ, વોર્ડ નં.–૪ ના જુદા જુદા વિસ્તાર જેવાં કે, ધીરૂભાઈ પટેલ,નવા હરીજનવાસ પાસે, શહીદ ચોક પાસે વિગેરે જુદા જુદા સ્થળોએ હાફ વાયર ખેંચી સ્ટ્રીટલાઈટના નવા પોલ ઉભા કરવા અંગેનું આવેલ કામે જરૂરી નિર્ણય થવા સારું.

<u>ઠ ર ા વ .:</u>

ફા.એન્ડ લા.ક.ઠ.નં.–૨૨/ તા.:૧૧–૬–૧૫ ની ભલામણ મુજબ, વોર્ડ નં.–૪ ના સભ્યશ્રી ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલની તા.:૧૦/૦૬/૨૦૧૫ ની આવેલ અરજી અન્વયે ઈ.ચા. લાઈટ ઈન્સ્પેકટરશ્રી તથા ઈજનેરશ્રીનો રીપોર્ટ વંચાણે લઈ,રીપોર્ટમાં દર્શાવેલ નીચે જણાવેલ સ્થળોએ સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ નહીં હોય, સદર નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારના સ્થળોએ હાફ વાયર ખેંચી કુલ ૯ (નવ) નવા પોલ ઉભા કરવાની કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. ધીરૂભાઈ પટેલ,નવા હરીજનવાસ પાસે,શહીદચોક હાફ વાયર ખેંચી– ૧ પોલ.

૨. બરૂડિયાવાડ,ડીસ્પેન્સરી રોડ, ચંદુભાઈના ઘર પાસે હાફ વાયર ખેંચી– ૧ પોલ.

૩. ધડુચી જાહેર જાંજરા પાસે,કાંતિની ચાલ હાફ વાયર ખેંચી– ૧ પોલ.

૪.ધડુચી માછીવાડ,કાંતિની ચાલ હાફ વાયર ખેંચી– ૧ પોલ.

૫.શ્રી સોનબાઈ અને શ્રી મહેરબાઈ માતાજીનાં મંદિર પાસે હાફ વાયર ખેંચી– ૧ પોલ

૬.સમાજની વાડી પાસે,સુથડ ફળિયા હાફ વાયર ખેંચી– ૧ પોલ.

૭. અમ્રતભાઈ ઢીમ્મરના ઘર પાસે હાફ વાયર ખેંચી– ૧ પોલ.

૮.બળવંતભાઈ પટેલ,લાકડાવાળાના ઘરની સામે હાફ વાયર ખેંચી– ૧ પોલ

૯. રાખોડિયા તળાવ, જલેબી કૂવા પાસે હાફ વાયર ખેંચી – ૧ પોલ

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨.</u>

<u>વિષય:–</u> ડ્રે.ક.ઠ.નં.–૧૨ / તા.:૩–૭–૨૦૧૫ ની ભલામણ મુજબ અંબામાતા મંદિરની પાછળ ત્રિમૂર્તી એપાર્ટમેન્ટ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવા બાબત..

<u>ઠ ર ા વ .:</u>

ડ્રે.ક.ઠ.નં.– ૧૨/તા.:૩–૭–૨૦૧૫ ની ભલામણ મુજબ, અંબામાતા મંદિરની પાછળ ત્રિમૂર્તી એપાર્ટમેન્ટ વિસ્તારમાં પાઈપ લાઈન નાંખવામાં આવેલ નથી, જેથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે. જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.આ પરિસ્થિતી દુર કરવા માટે ઉપરોકત સ્થળે નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૪૧,૮૨૨/– અંકે રૂા. એકતાલીસ હજાર, આઠસો બાવીસ પુરાનો ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૨..



<u>કામ નં.–૩.</u>

વિષયઃ–વ.ન.પા.ની વોર્ડ નં.–૯ની પેટાચુંટણી–૨૦૧૫ અંતર્ગત મતદાન મથકો ઉપર આપવાના થતાં ફોર્મ્સ, મતદાર સ્લીપ, તેમજ ચુંટણી અધિકારીને ફોર્મ ભરાવવાની તારીખ માટે ઉમેદવાર ફોર્મ, ડીપોઝીટની પહોંચ, તૈયાર કરાવેલ મતદાર નોંધણી રજીસ્ટર, મતદાન એકમના કાર્ડ, ચુંટણી અધિકારી તેમજ મદદનીશ ચુંટણી અધિકારીના –૦૪ નંગ રબર સ્ટેમ્પ, ચુંટણીને લગતાં કુલ–૦૮ બેનર્સ તૈયાર કરાવેલ જેની કામગીરીનું હેપ્પી ઝેરોક્ષ, વલસાડનું બીલ રૂા. ૨૧,૦૮૧/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ :

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાની વોર્ડ નં.–૯ની, સ્ત્રી અનામત આદિજાતિની પહેલી બેઠકની પેટાચુંટણી–૨૦૧૫ અંતર્ગત મતદાન મથકો ઉપર આપવાના થતાં ફોર્મ્સ, મતદાર સ્લીપ, તેમજ ચુંટણી અધિકારીને ફોર્મ ભરાવવાની તારીખ માટે ઉમેદવાર ફોર્મ, ડીપોઝીટની પહોંચ, તૈયાર કરાવેલ મતદાર નોંધણી રજીસ્ટર, મતદાન એકમના કાર્ડ, ચુંટણી અધિકારી તેમજ મદદનીશ ચુંટણી અધિકારીના –૦૪ નંગ રબર સ્ટેમ્પ, તેમજ ચુંટણી અધિકારી વલસાડ નગરપાલિકા વોર્ડ નં.–૯ પેટાચુંટણી–૨૦૧૫, તેમજ મદદનીશ ચુંટણી અધિકારી,વલસાડ નગરપાલિકા વોર્ડ નં.–૯ પેટા ચુંટણી–૨૦૧૫ ના કુલ–૦૮ બેનર્સ તૈયાર કરાવેલ. સદર કરાવેલ કામગીરીનું હેપ્પી ઝેરોક્ષ, વલસાડનું આવેલ બીલ રૂા. ૨૧,૦૮૧/– અંકે રૂા. એકવીસ હજાર, એકયાંસી પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪.

વિષયઃ– વ.ન.પા.ની વોર્ડ નં.–૯ની પેટાચુંટણી–૨૦૧૫ અંતર્ગત, તા.:૧૯–૪–૧૫, તા.:૧–૪–૧૫, તેમજ તા.:૨૧–૪–૧૫ ના રોજ વિડીયોગ્રાફી, સની વિડીઓ શુટીંગ, અતુલ પાસે કરાવેલ. જેનું બીલ રૂા. ૧૮,૭૦૨ /– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ :

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા.ની વોર્ડ નં.–૯ની પહેલી બેઠક સ્ત્રી અનામતની પેટાચુંટણી–૨૦૧૫ તા.:૧૯–૪–૧૫ ના રોજ યોજાયેલ હતી. સદર પેટા ચુંટણી માટે ફોર્મ ભરવાની તા.૧–૪–૧૫ થી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થયેલ તે સમયથી ચુંટણીના અગાઉના દિવસે તેમજ ચુંટણીના દિવસે મતદાન મથકો ઉપર તેમજ મતગણતરી મદદનીશ ચુંટણી અધિકારી,વ.ન.પા. અને મામલતદારશ્રીની કચેરીએ તા.:૨૧–૪–૧૫ ના દિવસે થયેલ તે સમગ્ર પીરીયડ દરમ્યાન ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારી અને નોડલ અધિકારીશ્રી (આચારસંહિતા ) ત્રણ સ્થળોએ વિડીયો ગ્રાફી કરવા જણાવેલ. સદર ઉપરોકત તમામ કામગીરીની વિડીયોગ્રાફી, સની વિડિયો શુટીંગ, અતુલ પાસે કરાવેલ. સદર કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૧૮,૭૦૨/–અંકે રૂા. અઢાર હજાર,સાતસો બે પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૫.

વિષયઃ– વ.ન.પા. ધ્વારા ન.પા. કચેરી સામે એફ.પી.૧૧૮ વાળી મિલકતમાં શોપીંગ મોલ બાંધકામ કામે, ટીપીઆઈ તરીકે " વાપ્કોસ લીમી." ની નિમણુંક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..





ઠ ર ા વ :

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા ધ્વારા નગરપાલિકા કચેરી સામે એફ.પી.નં.૧૧૮ વાળી મિલકતમાં શોપીંગ મોલ બાંધકામ અંગે " વાપ્કોસ લીમી" ની તા.:૧૫–૬–૨૦૧૫ ની સંમતિપત્ર મળેલ છે. સદરહુ પ્રોજેકટ બાબતે ટી.પી.આઈ. તરીકે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનનાં કામ કરવા સંમતિ દર્શાવેલ છે. સદરહું એજન્સી નામદાર સરકારશ્રીની અધિકૃત પેનલમાં સમાવેશ થયેલ છે. તથા નગરપાલિકાનાં અન્ય પ્રોજેકટમાં ટી.પી.આઈની સર્વિસ પ્રોવાઈડ કરે છે. જે હકીકત ધ્યાનમાં લેતાં, આ અંગેની જરૂરી કાર્યવાહી કરી, શોપીંગ મોલનાં કામ ઉપર પણ ટી.પી.આઈ તરીકે વાપ્કોસ લીમી. ની નિમણુંક કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૬.

વિષયઃ– વ.ન.પા. ની માલીકીના શોપીંગ સેન્ટર / મારકેટોની દુકાનો / સ્ટોલો / પ્રિમાઈસીસોના કબજા હકક ધારકોના માસીક ભાડા ઉપર, સેન્ટ્રલ એકસાઈઝ કચેરીના ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા મીનીસ્ટર ઓફ ફાઈનાન્સ ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ નોટીફીકેશન ન્યુ દીલ્હી તા.:૧૯–૫–૨૦૧૫ નો ૧૪/૨૦૧૫ સર્વીસ ટેક્ષ ફેકસ નં.૩૩૪/૫/૨૦૧૫નો પત્ર મુજબ તા.:૧–૬–૨૦૧૫ થી કબજા હકક ધારકોના માસીક ભાડા ઉપર ૧૨.૩૬% ની જગ્યાએ ૧૪% સર્વીસ ટેકસ વસુલ કરવા કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીના શોપીંગ સેન્ટર / મારકેટોની દુકાનો / સ્ટોલો / પ્રિમાઈસીસોના કબજા હકક ધારકોના માસીક ભાડા ઉપર,કા.સ.ઠ.નં.૫૫ / તા.:૨–૫–૨૦૦૮ ની ભલામણ મુજબ ૧૨.૩૬% જેટલો સર્વીસ ટેક્ષ ઉઘરાવતાં હતાં પરંતુ સેન્ટ્રલ એકસાઈઝ કચેરીના ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા મીનીસ્ટર ઓફ ફાઈનાન્સ ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ નોટીફીકેશન ન્યુ દીલ્હી તા.:૧૯–૫–૨૦૧૫ નો ૧૪/૨૦૧૫ સર્વીસ ટેક્ષ ફેકસ નં.૩૩૪/૫/૨૦૧૫ના પત્રની નોંધ લઈ, તા.:૧–૬–૨૦૧૫ થી કબજા હકક ધારકોના માસીક ભાડા ઉપર ૧૨.૩૬% સર્વીસ ટેક્ષની જગ્યાએ ૧૪% સર્વીસ ટેકસ, વસુલ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, વસુલાત કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૭.

વિષયઃ– હિરલ ટ્રાવેર્લ્સ,વલસાડનું ગાડી ભાડાનું આવેલ બીલ રૂા. ૯૮૦૦/– મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના કર્મચારીઓ શૈલેષ રાવત, દિનેશ નાયકા વિગેરે રોજીંદા કર્મચારીઓની હડતાળ સંબંધેની વિગતો રજુ કરવા ફાઈલો સાથે હાઈકોર્ટના વકીલને આપવા ગાંધીનગર, તા.:૨૦–૬–૨૦૧૫ નાં રોજ , હિરલ ટ્રાવેલ્સ, વલસાડની ગાડી નં. ડીડી–૦૩–ઈ–૨૮૩૫, ભાડેથી લઈને ગયેલ. જેનાં ગાડી ભાડાના આવેલ બીલ રૂા.૯૮૦૦/–અંકે રૂા. નવ હજાર, આઠસો પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૮.

વિષયઃ– પ્રિન્ટ મીડીયા સર્વિસ, નવસારીનું વ.ન.પા.ની વિવિધ યોજનાઓની સિધ્ધીઓ અંગેની પ્રસિધ્ધ કરાવેલ જાહેરાતનું આવેલ બીલ રૂા. ૩૦૦૦/–મંજુર કરવા બાબત..

..૪..



ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના શહેરીજનોને માટે દિવાળીની હાર્દિક શુભેચ્છા તેમજ વલસાડ નગરપાલિકાની વિવિધ યોજનાઓની સિધ્ધીઓનું " દેશવાસી" ન્યુઝ પેપરમાં જાહેરાત આપેલ. જેનું પ્રિન્ટ મીડીયા સર્વિસ, નવસારીનું આવેલ બીલ રૂા.૩૦૦૦/– અંકે રૂા. ત્રણ હજાર પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૯.</u>

<u>વિષયઃ–</u> યુ.ટી. ટુડે, સેલવાસનું વ.ન.પા.ની, ૨૬ મી જાન્યુ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવતી પ્રસિધ્ધ કરાવેલ જાહેરાતનું આવેલ બીલ રૂા.૭૦૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની, ૨૬ મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવતી જાહેરાત યુ.ટી. ટુડે હિન્દી દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરાવેલ. જેનું યુ.ટી. ટુડે, સેલવાસનું આવેલ બીલ રૂા.૭૦૦૦/– અંકે રૂા. સાત હજાર પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u>શ્રી મોરારજીભાઈ દેસાઈના સીટી મ્યુઝીયમમાં પાવર વધઘટ ન થાય તે માટે ૧૦ કેવીએનું સ્ટેબીલાઈઝરની સ્થાનિક બજારમાંથી ખરીદી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, શ્રી મોરારજીભાઈ દેસાઈનાં સીટી મ્યુઝીયમમાં પાવર વધઘટ થાય છે જેનાં લીધે ઈલેકટ્રોનીક આઈટમને નુકશાન થવાની ભીતી હોવાથી ૧૦ કેવીએનું સ્ટેબીલાઈઝર મુકવામાં આવે તો સદર નુકશાન થવાની શકયતા રહેતી નથી જેથી એક ૧૦–કેવીએનું સ્ટેબીલાઈઝર, સ્થાનિક બજારમાંથી ખરીદી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ખરીદી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૧.</u>

<u>વિષયઃ–</u> શ્રી એન.ડી.પટેલ, ઠેકેદારશ્રી, ભરૂચ પાસેથી, રેલ્વે ઓવરબ્રીજ ક્રોસીંગ કરવાના કામે ટેન્ડર મંજુર કરવામાં આવેલ હતું તે ટેન્ડરની શરત મુજબ બીલમાંથી પાર્ટરેટ કરેલ હોય તે અંગેનું બીલ રૂા.૧,૬૭,૦૨૩/–પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અરજદારશ્રી એન.ડી.પટેલ, ઠેકેદારશ્રી, ભરૂચ પાસેથી, રેલ્વે ઓવરબ્રીજ ક્રોસીંગ કરવાના કામે ટેન્ડર મંજુર કરવામાં આવેલ હતું તે ટેન્ડરની શરત મુજબ કોન્ટ્રાકટરશ્રી તરફથી કામ સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવેલ છે. બીલમાંથી પાર્ટરેટ કરેલ હોય તે અંગેનું બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, આવેલ બીલ રૂા.૧,૬૭,૦૨૩/– અંકે રૂા. એક લાખ, સડસઠ હજાર, ત્રેવીસ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૫..



<u>કામ નં.–૧૨.</u>

વિષયઃ—બેચરરોડ દશેરા ટેકરી થી મામલતદાર કચેરી સુધીનો ડીવાઈડરમાં પ્લાન્ટેશન સપ્લાય કરવા અંગેનું ક્રીએશન—વૃંદાવન સોસાયટી, ડુંગરીનું આવેલ ભાવપત્રક રૂા.૬૯,૧૬૦/—પુરાનું મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .ઃ

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, શહેરનાં મધ્યમાંથી પસાર થતો બેચર રોડ દશેરાટેકરી થી મામલતદાર કચેરી સુધીનો ડીવાઈડર ફોર લેન રસ્તો છે. જે રસ્તાની વચ્ચે આવેલ ડીવાઈડર ઉપર ફુલ છોડ રોપવાની જરૂર છે. હાલે પ્લાન્ટેશનની કામગીરી નગરપાલિકાએ હાથ ધરેલ છે. તો ડીવાઈડર ઉપર " ક્રીએશન—વૃંદાવન સોસાયટી, ડુંગરીનુ આવેલ ભાવપત્રક રૂા.૬૯,૧૬૦/— અંકે રૂા. ઓગણાસીત્તેર હજાર, એકસો સાંઠ પુરાનું મંજુર કરી, સદર ઉપરોકત ભાવોથી કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.—૧૩.

વિષયઃ—શીતલ પબ્લીકેશન—વલસાડનું શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝિયમની તા.ઃ૨૪—૬—૨૦૧૫ના રોજ દમણગંગા ટાઈમ્સ ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેરાતનું આવેલ બીલ રૂા. ૫૦૦૦/—મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .ઃ

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા તરફથી શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ તા.ઃ ૨૫—૭—૨૦૧૫ થી રાબેતા મુજબ ચાલુ રહેશે જે અંગેની જાહેરાત તા.ઃ ૨૪—૬—૨૦૧૫ ના રોજ દમણ ગંગા ટાઈમ્સ ન્યુઝ પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવેલ જે અંગેનું શીતલ પબ્લીકેશન—વલસાડનું આવેલ બીલ રૂા.૫૦૦૦/— અંકે રૂા. પાંચ હજાર પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.—૧૪.

વિષયઃ— બેસ્ટ પબ્લીસીટી, સ્ટેડીયમ રોડ,—વલસાડનું ગુજરાત મિત્રના કાર્યાલય શુભારંભ નિમિત્તે વ.ન.પા.ની વિકાસના કામોની રૂપરેખાની જાહેરાત પ્રસિધ્ધ કરાવેલ જેનું જાહેરાતનું આવેલ બીલ રૂા. ૧૦,૨૦૦/—મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .ઃ

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા તરફથી ગુજરાત મિત્ર વલસાડ કાર્યાલયના શુભારંભ નિમિત્તે સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી, શહેરી વિકાસ યોજના અંતર્ગત વિકાસ કામોની રૂપરેખા " ગુજરાત મિત્ર " દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવેલ જે અંગેનું બેસ્ટ પબ્લીસીટી—વલસાડનું આવેલ બીલ રૂા.૧૦,૨૦૦/— અંકે રૂા.દશ હજાર બસો પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.—૧૫.

વિષયઃ— વલસાડ જિલ્લામાં થયેલા વિકાસની માહિતી આપતો વિશેષાંક " ઉજાસ " મેગેઝીનમાં વ.ન.પા.ની વિવિધ સિધ્ધીઓની જાહેરાતનું યુનીટેડ એડસ —સુરતનું આવેલ બીલ રૂા. ૧૧,૦૦૦/—મંજુર કરવા બાબત..

..૬..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા તરફથી વલસાડ જિલ્લામાં થયેલા વિકાસની માહિતી આપતો વિશેષાંક " ઉજાસ " મેગેઝીનમાં વલસાડ નગરપાલિકાની વિવિધ સિધ્ધીઓની જાહેરાત આપેલ. જે અંગેનું યુનીટેડ એડસ–સુરતનું આવેલ બીલ રૂ.૧૧,૦૦૦/– અંકે રૂા.અગીયાર હજાર પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૬.

વિષયઃ–નગરપાલિકાની ચીફ ઓફીસરશ્રીની ઓફીસમાં નવું એ.સી.નું, શ્રી સાંઈકુલ– વલસાડનું આવેલ ભાવપત્રક રૂા. ૪૭,૪૦૦/– પુરા મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીની ઓફીસમાં સને ૨૦૦૪ નાં વર્ષમાં એ.સી.ફીટ કરવામાં આવેલ હતું. જે એ.સી. હાલે બગડી ગયેલ છે. સદરહું કામે નવું એ.સી.નું શ્રી સાંઈકુલ–વલસાડનું ભાવપત્રક રૂા.૪૭,૪૦૦/– અંકે રૂા. સુડતાલીસ હજાર, ચારસો પુરાનું મંજુર કરી, સદર કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૭.

વિષયઃ– વોર્ડ નં.–૫,નાં રાખોડીયા તળાવ પાસે નિકિતાબેનના ઘરથી વિજયભાઈ ઘર સુધીના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે આરસીસી પાઈપલાઈન નાંખવાનું એસ્ટીમેઈટ રૂા.૨,૨૬,૩૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૫, રાખોડીયા તળાવ પાસે નિકિતાબેનના ઘરથી વિજયભાઈના ઘર સુધીના વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય, વરસાદી સિઝનને ધ્યાનમાં લઈ આ વિસ્તારના વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપલાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૨૬,૩૦૦/– અંકે રૂા.બે લાખ, છવ્વીસ હજાર,ત્રણસો પુરાનુ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૮.

વિષયઃ– વોર્ડ નં.–૫,નાં ખડકીભાગડા સકારામ મંદિર રોડવાળા વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૪,૫૩,૫૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૫, ખડકી ભાગડા સકારામ મંદિર રોડવાળો વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૪,૫૩,૫૦૦/– અંકે રૂા. ચાર લાખ, ત્રેપન હજાર, પાંચસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૭..

કામ નં.–૧૯.

વિષયઃ– વોર્ડ નં.–પ,નાં જયેશભાઈના ઘરથી રોશનઅલી દરગાહ ક્રોસિંગ રોડવાળ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે આરસીસી પાઈપલાઈન નાંખવાનું એસ્ટીમેઈટ રૂા.૧૦,૫૪,૪૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–પ, જયેશભાઈના ઘર થી રોશન અલી દરગાહ ક્રોસિંગ રોડ વાળા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય, વરસાદી સિઝનને ધ્યાનમાં લઈ આ વિસ્તારના વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપલાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૦,૫૪,૪૦૦/– અંકે રૂા. દશ લાખ,ચોપ્પન હજાર,ચારસો પુરાનુ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૦.

વિષયઃ– વોર્ડ નં.–પ,નાં કુંભારવાડ સાંઈનાથ પ્રિન્ટર્સની બાજુનો વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૫,૩૧,૭૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–પ, કુંભારવાડ સાંઈનાથ પ્રિન્ટર્સની બાજુનો વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૫,૩૧,૭૦૦/– અંકે રૂા.પાંચ લાખ, એકત્રીસ હજાર, સાતસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૧.

વિષયઃ– વોર્ડ નં.–પ,નાં વૈજનાથ મહાદેવના મંદિરની બાજુમાં વાળો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૫,૬૮,૧૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–પ, વૈજનાથ મહાદેવના મંદિરની બાજુમાંવાળો રોડ વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૫,૬૮,૧૦૦/– અંકે રૂા.પાંચ લાખ, અડસઠ હજાર, એકસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૨.

વિષયઃ–વોર્ડ નં.–૧૪,નાં સાતગાળા,ધર્મેશભાઈ સભ્યની ઘર પાસેનો વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૧,૫૨,૧૦૦/–મંજુર કરવા બાબત..

..૮..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧૪,સાત ગાળા ધર્મેશભાઈ સભ્યની ધર પાસેનો વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,પર,૧૦૦/– અંકે રૂા.એક લાખ, બાવન હજાર, એકસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–ર૩.

વિષયઃ– વ.ન.પા. તરફથી તા.:ર૫–૦૪–૧૫ ના રોજ સરકારશ્રીની ૧ર માં નાણાપંચ યોજના હેઠળ પાણી પુરવઠાના કામોની લોકાર્પણ તેમજ નવા નગર સેવા સદનના બાંધકામના ખાતમુર્હત કાર્યક્રમની આમંત્રણ પત્રિકાઓ તેમજ ફલેકસ બેનર બનાવેલ જે અંગેનું આવેલ બીલ રૂા.૧૦,૩૬૮/– મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વ.ન.પા. તરફથી તા.:ર૫–૦૪–૧૫ ના રોજ સરકારશ્રીની ૧ર માં નાણાપંચ યોજના હેઠળ પાણી પુરવઠાના કામોની લોકાર્પણ તેમજ નવા નગર સેવા સદનના બાંધકામના ખાતમુર્હત કાર્યક્રમની આમંત્રણ પત્રિકાઓ તેમજ ફલેકસ બેનર બનાવેલ જે અંગેનું ડીઝીટલ ઝોન–વલસાડનું આવેલ બીલ રૂા.૧૦,૩૬૮/– અંકે રૂા.દશ હજાર ત્રણસો અડસઠ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–ર૪.

વિષયઃ– વલસાડ નગરપાલિકાના જુદા જુદા ખાતામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ નિવૃત થતાં હોય તેઓના નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના નીચે જણાવેલ નામોવાળા જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓ, વયમર્યાદા / સ્વૈચ્છીક નિવૃત્તીના વિગેરે કારણે નિવૃત્ત થતાં હોય / નિવૃત્ત થયેલ હોય ,તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન વિગેરે ચુકવણી કરવા અંગેની જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરી, નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટીરૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | શાંતાબેન કસ્તુર સાંવરીયા | આરોગ્ય | ૩૦–૯–ર૦૧૫ | ર૧૯૩૯૮– | ૧૯ર૯૧૯– | ૪૯૦૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ર | વિજયભાઈ ડી. દેસાઈ | મ્યુનિ. સ્કુલ | ૩૧–૭–ર૦૧૫ | ૫૭ર૮૬૪– | ૩ર૭૪૭૪– | ૮૧૫૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

..૯..

કામ નં.–૨૫.

વિષયઃ–મુખ્યમંત્રીશ્રી, આનંદીબેન પટેલ, મોરારજી મ્યુઝીયમ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષનું લોકાર્પણ કરવા આવેલ જે માટે સ્થાનિક બજારમાંથી સ્ટેશનરી ખરીદી ડિલક્ષ બુક સ્ટોર્સ, સ્ટેડીયમ રોડ, વલસાડ પાસે કરેલ જેનું આવેલ બીલ રૂા. ૮,૫૪૫/– મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, વલસાડ ખાતે મોરારજી મ્યુઝીયમ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષનું લોકાપર્ણ કરવા આવેલ. તે સમયે ડિલક્ષ બુક સ્ટોર્સ, સ્ટેડીયમ રોડ, વલસાડ પાસે ફાઈલ, બોલપેન, રાઈટીંગ પેડ વિગેરેની ખરીદી કરેલ. જે અંગેનું ડીલક્ષ બુક સ્ટોર્સ–વલસાડનું આવેલ બીલ રૂા.૮,૫૪૫/– અંકે રૂા.આઠ હજાર,પાંચસો પીસ્તાલીસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૬.

વિષયઃ– તા.ઃ ૧૫–૭–૨૦૧૫ ના રોજ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સ્માર્ટ સીટી કોન્સેપ્ટ સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં આમંત્રીત મહેમાનોને માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. જેનું હોટલ ઓરીઝન, ધરમપુર રોડ, અબ્રામાનું આવેલ બીલ રૂા. ૭૩૫૦/– મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,તા.ઃ ૧૫–૭–૨૦૧૫ ના રોજ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, વલસાડ ખાતે સ્માર્ટ સીટી કોન્સેપ્ટ સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં આમંત્રીત મહેમાનોને માટે( મહાનુભાવો) જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. જેનું હોટલ ઓરીઝન, ધરમપુર રોડ, અબ્રામાનું આવેલ બીલ રૂા. ૭૩૫૦/– અંકે રૂા.સાત હજાર,ત્રણસો પચાસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૭.

વિષયઃ– વલસાડ નગરપાલિકાની વિવિધ સુખાકારીના સૂત્રોની જાહેરાત,સાધના સાપ્તાહિક મેગેઝીનમાં ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર દિન વિશેષાંકમાં જાહેરાત આપેલ જેનું આવેલ બીલ રૂા. ૧૦,૦૦૦/–મંજુર કરવા બાબત..

ઠર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા તરફથી વિવિધ સુખાકારીના સૂત્રોની જાહેરાત, સાધના સાપ્તાહિક મેગેઝીનમાં ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર દિન વિશેષાંકમાં આપવામાં આવેલ. જેનું સાધના પ્રકાશન ટ્રસ્ટ–અમદાવાદનું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂા.દશ હજાર પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૮.

વિષયઃ– વોર્ડ નં.–૩,નાં પરીશ્રમ એપાર્ટમેન્ટ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે બોક્ષ ટાઈપ મેશનરી બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૯૩,૩૧૦/–મંજુર કરવા બાબત..

..૧૦..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૩, નાં પરીશ્રમ એપાર્ટમેન્ટ વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય, વરસાદી સિઝનને ધ્યાનમાં લઈ આ વિસ્તારના વરસાદી પાણીના નિકાલ માટે બોક્ષ ટાઈપ મેશનરી બનાવવાની જરૂર હોય,જે અંગેની કામગીરી કરાવવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૯૩,૩૧૦/– અંકે રૂા. એક લાખ,ત્રાણું હજાર,ત્રણસો દશ પુરાનુ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૯.

વિષય:–હો.ક.ઠ.નં. ૨ / તા.:૭–૯–૧૫ ની ભલામણ મુજબ સને ૨૦૧૫–૧૬ નાં વર્ષ માટે વલસાડ મ્યુનિસિપલ હોસ્પીટલ ખાતે દવા,ઈન્જેકશન, શીરપ તથા સર્જીકલ આઈટમો ખરીદવાનાં આવેલ ભાવો મંજુર કરવા બાબત.

ઠ ર ા વ .:

હો.ક.ઠ.નં. ૨ / તા.:૭–૯–૧૫ ની ભલામણ મુજબ, સને ૨૦૧૫–૧૬ નાં વર્ષ માટે હોસ્પીટલમાં સારવાર માટે આવતાં ઓ.પી.ડી. તથા ઈન્ડોર પેશન્ટની સારવારમાં સુગમતા રહે તે માટે વલસાડ મ્યુનિસપલ હોસ્પીટલ ખાતે દવા,ઈન્જેકશન, શીરપ તથા સર્જીકલ આઈટમો ખરીદીનાં કામે દૈનીક પત્રમાં જાહેરાત આપી ટેન્ડરનું વેચાણ કરી ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ પાર્ટ–૧(દવા–ગોળી), પાર્ટ–૨(ઈન્જેકશન), પાર્ટ–૩(શીરપ),પાર્ટ–૪(સર્જીકલ આઈટમ) ના ભાવો મંગાવતા સમય મર્યાદામાં નીચે દર્શાવ્યા મુજબની કુલ–૩(ત્રણ) એજન્સીઓનાં ટેન્ડરો આવેલ.

(૧) શ્રી દેવસન ફાર્મા, વાપી.

(૨) શ્રી પી.જી.ફાર્મા,વલસાડ.

(૩) શ્રી શાહ સર્જીકલ,વલસાડ.

ઉપરોકત આવેલ ત્રણે ટેન્ડરો તા.:૧૪–૮–૨૦૧૫ નાં રોજ મે. ચેરમેન સાહેબ,હોસ્પીટલ કમીટીની સંમતીથી મે.ચીફ ઓફીસર સાહેબ, વલસાડ નગરપાલિકાની ઉપસ્થિતીમાં ખુલ્લા કરવામાં આવેલ અને તેનું તુલનાત્મક પત્રક બનાવવામા આવેલ તે જોતાં ટેન્ડરરોએ ટેન્ડર પાર્ટ–૧(દવા–ગોળી), પાર્ટ–૨(ઈન્જેકશન), પાર્ટ–૩(શીરપ),પાર્ટ–૪(સર્જીકલ આઈટમ) ના ભાવો આ સાથે પત્રકમાં ટેન્ડર આઈટમ નંબર સહીત દર્શાવ્યા છે તે મુજબ જે ટેન્ડરરનાં ભાવ સૌથી ઓછા છે જે સૌથી ઓછા ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવે, તેમના પાસેથી ટેન્ડર આઈટમ નંબર સામે દર્શાવ્યા મુજબનો દવા–ગોળી વિ.નો જરૂરીયાત મુજબનો જથ્થો સમયાંતરે વર્ક ઓર્ડર આપી જે તે એજન્સી પાસેથી, મંજુર થયેલ ભાવો મુજબ, ખરીદી કરવાનું કારોબારી સમીતીની મંજુરતની અપેક્ષાએ ખરીદ કરેલ જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૦.

વિષય:– ડ્રે.ક.ઠ.નં.૧૩ / તા.:૩–૯–૧૫ ની ભલામણ મુજબ ઓનેસ્ટ ગેરેજ, સુધડ ફળીઆ, સામેના વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૭૩,૧૭૫/– મંજુર કરવા બાબત..

..૧૧..

ઠ ર ા વ .:

ડ્રે.ક.ઠ.નં.– ૧૩/તા.:૩–૯–૨૦૧૫ ની ભલામણ મુજબ, ઓનેસ્ટ ગેરેજ, સુઘડ ફળીયા સામેના વિસ્તારમાં જેતે સમયની વસ્તીને ધ્યાને લઈ ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામાં આવેલ હતી જે હાલની વસ્તીને અનુરુપ નથી, જેથી સદર ડ્રેનેજ પાઈપ લાઈન નાના ડાયામીટરની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ ન થતો હોવાથી જેના કારણે વારંવાર ચેમ્બર ઉભરાય છે, હાલે આ પરીસ્થિતી દુર કરવા માટે સદર વિસ્તારમાં ૩૪ મીટર ૯" ડાયા મીટરની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોવાથી સને ૨૦૧૪–૧૫ ના મંજુર થયેલ ભાવથી બનાવવામાં આવેલ એસ્ટીમેઈટ રૂા.૭૩,૧૭૫/–અંકે રૂા.તોતેર હજાર,એકસો પંચોતેર પુરાનો ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૧.

વિષય:– ડ્રે.ક.ઠ.નં.૧૪ / તા.:૩–૯–૧૫ ની ભલામણ મુજબ જુની સેમાચાલ, સુઘડ ફળીઆ સામેના વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૦,૫૩૦/– મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

ડ્રે.ક.ઠ.નં.– ૧૪/તા.:૩–૯–૨૦૧૫ ની ભલામણ મુજબ, જુની સેમા ચાલ, સુઘડ ફળીયા સામેના વિસ્તારમાં જે તે સમયની વસ્તીને ધ્યાને લઈ ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામાં આવેલ હતી જે હાલની વસ્તીને અનુરુપ નથી, જેથી સદર ડ્રેનેજ પાઈપ લાઈન નાના ડાયામીટરની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ ન થતો હોવાથી જેના કારણે વારંવાર ચેમ્બર ઉભરાય છે, હાલે આ પરીસ્થિતી દુર કરવા માટે સદર વિસ્તારમાં ૨૬ મીટર ૯" ડાયા મીટરની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોવાથી સને ૨૦૧૪–૧૫ ના મંજુર થયેલ ભાવથી બનાવવામાં આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૦,૫૩૦/–અંકે રૂા.સાંઠ હજાર,પાંચસો ત્રીસ પુરાનો ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૨.

વિષય:– ડ્રે.ક.ઠ.નં.૧૫ / તા.:૩–૯–૧૫ ની ભલામણ મુજબ ઢીમ્મર શેરી, નરેન્દ્રભાઈ દુકાનવાળા ભાગેથી ગલીનાં વિસ્તારમાં ડ્રનેજ પાઈપ લાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૪૯,૭૭૫/– મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

ડ્રે.ક.ઠ.નં.– ૧૫/તા.:૩–૯–૨૦૧૫ ની ભલામણ મુજબ, ઢીમ્મર શેરી, નરેન્દ્રભાઈ દુકાનવાળા ભાગેથી ગલીનાં વિસ્તારમાં જે તે સમયની વસ્તીને ધ્યાને લઈ ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામાં આવેલ હતી જે હાલની વસ્તીને અનુરુપ નથી, જેથી સદર ડ્રેનેજ પાઈપ લાઈન નાના ડાયામીટરની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ ન થતો હોવાથી જેના કારણે વારંવાર ચેમ્બર ઉભરાય છે, હાલે આ પરીસ્થિતી દુર કરવા માટે સદર વિસ્તારમાં ૫૮ મીટર ૯" ડાયા મીટરની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોવાથી સને ૨૦૧૪–૧૫ ના મંજુર થયેલ ભાવથી બનાવવામાં આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૪૯,૭૭૫/–અંકે રૂા.એક લાખ, ઓગણ પચાસ હજાર,સાતસો પંચોતેર પુરાનો ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૨..

કામ નં.–૩૩.

વિષયઃ– નગરપાલિકા હસ્તક ચાલતા વાહનોમાં જીપીએસ સીસ્ટમ સપ્લાય કરી ઈન્સ્ટોલેશન કરવાના કામ બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા હસ્તક ચાલતાં વાહનોનું જીપીએસ સીસ્ટમ સપ્લાય કરી ઈન્સ્ટોલેશન કરવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનીક પેપરમાં જાહેરાત આપી ટેન્ડરો મંગાવવામાં આવતાં મુદત દરમ્યાન કુલ ચાર વેપારીઓનાં ટેન્ડરો આવેલા છે સદર આવેલ ટેન્ડરો તા.:૨–૭–૧૫ નાં રોજ ખુલ્લા કરવામાં આવેલા છે. સદર ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક બનાવી રજુ કરેલ છે. સદર રજુ કરેલ તુલનાત્મક પત્રક જોતાં એકંદરે સહર્ષ સોલ્યુશન મણીનગર, અમદાવાદનું ટેન્ડર સૌથી ઓછુ આવેલ છે સદર ઓછું આવેલ ટેન્ડર મંજુર કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૪.

વિષયઃ– વોર્ડ નં.–૧૪, અબ્રામા નિશાળ ફળીયા વિસ્તારમાં બાકી રહેલ વિસ્તારમાં પેવર બ્લોક નાંખવાની કામગીરીનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા. ૩,૫૫,૨૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૪,નાં અબ્રામા નિશાળ ફળીયા વિસ્તારમાં બાકી રહેલ વિસ્તારમાં પેવર બ્લોક નાંખવાની જરૂરીયાત હોવાથી સદર કામગીરી કરાવવા માટેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૩,૫૫,૨૦૦/– પુરાનો આવેલ છે સદર આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી સદર કામગીરી એસજેએમએમએસવીવાય યુડીપી–૭૮(૧૪–૧૫) ની યોજનાં હેઠળ સદર કામગીરી કરવા માટે કા.સ.ઠ.નં.૪૦૯ / ૧૬–૩–૧૫ થી મંજુર થયેલા ભાવ મુજબ ટેન્ડર નીચુ આવેલ છે. જેથી સદર યોજનાની ગ્રાંટ હેઠળ બચત રકમમાંથી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૫.

વિષયઃ–વલસાડ નગરપાલિકા ધ્વારા ભાડે આપવામાં આવેલ શોપીંગ સેન્ટરો તથા માર્કેટની આવક ઉપર સવિર્સ ટેક્ષની રીટન ન ફાઈલ કરવા બાબતની લેટ પેમેન્ટ ચાર્જીસ બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,સરકારશ્રીના નિયમોનુસાર જે તે સંસ્થા જે તે પ્રકારની સર્વિસ પ્રોવાઈડ કરતી હોયતે સર્વિસ ઉપર સર્વિસ ટેક્ષ ભરપાઈ કરવાનો થાય છે. સદરહું બાબતે વ.ન.પા. ધ્વારા માહે એપ્રિલ –૨૦૦૮ થી વ.ન.પા. ધ્વારા ભાડે આપવામાં આવેલ શોપીંગ સેન્ટરો તથા માર્કેટની આવક ઉપર સર્વિસ ટેક્ષ ભરપાઈ કરવાનો થાય છે. સદરહું બાબતે સર્વિસ ટેક્ષ ડીપાર્ટમેન્ટ તરફથી તા.:૩૧/૦૮/૨૦૧૫ ના પત્રમાં જણાવ્યા મુજબ એપ્રિલ–૨૦૦૮ થી માર્ચ–૨૦૧૧ સુધી રીર્ટન ન ફાઈલ કરવા બાબતની લેટ પેમેન્ટ ચાર્જીસ રૂા.૬૦૦૦/–એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં રીર્ટન ન ફાઈલ કરવા બાબતની લેટ પેમેન્ટ ચાર્જીસ રૂા.૪૦,૦૦૦/–તેમજ એપ્રિલ–૨૦૧૨ થી માર્ચ–૨૦૧૩ સુધીના રૂા.૬૦,૦૦૦/– મળી કુલ્લે રૂા.૧,૦૬,૦૦૦/–પુરા લેટ પેમેન્ટ ચાર્જીસના ભરવાના બાકી પડેલ છે. સદરહું બાબતને સર્વિસ ટેક્ષ ડીપાર્ટમેન્ટ સાથે સંકલન કરતા તેઓ ધ્વારા સુચના આપવામાં આવેલ છે કે ઉપરોકત

..૧૩..

જણાવેલ રૂા.૧,૦૬,૦૦૦/–તેમજ તેઓની કચેરીના પત્ર ક્રમાંક નં.વલસાડ /ર / એમઆઈએસસી / એસ.ટી / ૨૦૧૪–૧૫ થી જણાવ્યા મુજબના રૂા.૧૮,૬૨,૪૨૩/–ની રકમ વ્યાજ પેટે તેમજ રૂા.૨૯,૦૮,૮૮૮/– પેનેલ્ટી પેટે ભરવાના થાય છે.

ઉપરોકત બાબતોને ઘ્યાને લઈ રીર્ટન ન ફાઈલ કરવા અર્થેની લેટ પેમેન્ટ ચાર્જીસ રૂા.૧,૦૬,૦૦૦/– તેમજ રૂા.૧૮,૬૨,૪૨૩/– રૂા.૧૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧૯,૭૯,૪૨૩/– ભરપાઈ કરવા અતિઆવશ્યક છે. જો તેમ કરવામાં આવે તો જ રૂા.૨૯,૦૮,૮૮૮/– ની પેનલ્ટી અંગેની અપીલ દાખલ કરી શકાય તેમ હોય સદરહુ બાબતે રૂા.૧૯,૭૯,૪૨૩/– સર્વિસ ટેક્ષ ખાતે જમા કરાવવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૬.</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૧૬ / તા.ઃ૨૩–૯–૧૫ ની ભલામણ મુજબ પરીશ્રમ એપાર્ટમેન્ટ લુહાર ટેકરા વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૧૪,૫૨૦/– મંજુર કરવા બાબત..

<u>ઠ ર ા વ .ઃ</u>

ડ્રે.ક.ઠ.નં.– ૧૬/તા.ઃ૨૩–૯–૨૦૧૫ ની ભલામણ મુજબ,પરીશ્રમ એપાર્ટમેન્ટ,લુહાર ટેકરાવિસ્તારમાં જે તે સમયની વસ્તીને ઘ્યાને લઈ ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામાં આવેલ હતી જે હાલની વસ્તીને અનુરુપ નથી, જેથી સદર ડ્રેનેજ પાઈપ લાઈન નાના ડાયામીટરની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ ન થતો હોવાથી જેના કારણે વારંવાર ચેમ્બર ઉભરાય છે, હાલે આ પરીસ્થિતી દુર કરવા માટે સદર વિસ્તારમાં ૪૮ મીટર ૯" ડાયા મીટરની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોવાથી સને ૨૦૧૪–૧૫ ના મંજુર થયેલ ભાવથી બનાવવામાં આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૧૪,૫૨૦/–અંકે રૂા.એક લાખ, ચૌદ હજાર,પાંચસો વીસ પુરાનો ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૭.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૧,નાં મોટા તાઈવાડ મસ્જીદની સામેનો વિસ્તાર અને બાજુનો વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૧,૭૫,૪૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠ ર ા વ .ઃ</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧, મોટા તાઈવાડ મસ્જીદની સામેનો વિસ્તાર અને બાજુનો વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૭૫,૪૦૦/– અંકે રૂા.એક લાખ,પંચોતેર હજાર, ચારસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૮.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૧,નાં મોટા તાઈવાડ મનીઆરભાઈના ઘરની બાજુના વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૨,૭૧,૭૦૦/–મંજુર કરવા બાબત..

..૧૪..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧, મોટા તાઈવાડ મનીઆરભાઈના ઘરની બાજુનો રોડ / વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૭૧,૭૦૦/– અંકે રૂા.બે લાખ,એકોતેર હજાર, સાતસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૯.

વિષયઃ– વોર્ડ નં.–૧,નાં અહમદશા દરગાહના બાજુનો તથા આજુબાજુના વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોક નો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૩,૪૫,૬૦૦/–મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧,અહમદશા દરગાહના બાજુનો તથા આજુબાજુનો રોડ / વિસ્તાર બિસ્માર હાલતમાં હોય, જેથી સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૪૫,૬૦૦/– અંકે રૂા.ત્રણ લાખ,પીસ્તાળીસ હજાર, છસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૦.

વિષયઃ– શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ કાર્યક્રમ અંતર્ગત જરૂરી મંડપ વ્યવસ્થાને લગતી તથા લોકાપર્ણ કાર્યક્રમને લગતી વ્યવસ્થા કરેલ. જે અંગે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૭૫,૧૧૬/–મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના તા.:૧૧/૭/૨૦૧૫ ના રોજ શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ કાર્યક્રમ અંતગર્ત જરૂરી મંડપ વ્યવસ્થાને લગતી તથા લોકાર્પણ કાર્યક્રમને લગતી વ્યવસ્થા કરેલ જે અંગે રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૭૫,૧૧૬/– અંકે રૂા.પંચોતેર હજાર,એકસો સોળ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૧.

વિષયઃ–શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ કાર્યક્રમ અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીને મ્યુઝીયમ એન્ટ્રી થી હોલ પ્રવેશ સુધીના લાઈવ કાર્યક્રમ સદર બિલ્ડીંગના પાર્કિંગમાં બતાવવા અંગેની વ્યવસ્થા કરેલ. જે અંગે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૨૧,૫૦૦/–મંજુર કરવા બાબત..

..૧૫..



ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના તા.:૧૧/૭/૨૦૧૫ ના રોજ શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ કાર્યક્રમ અંતર્ગત માન.મુખ્ય મંત્રીશ્રીને મ્યુઝીયમ એન્ટ્રી થી હોલ પ્રવેશ સુધીના લાઈવ કાર્યક્રમ સદર બિલ્ડીંગના પાર્કિંગમાં બતાવવા અંગેની વ્યવસ્થા રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૨૧,૫૦૦/– અંકે રૂા.એકવીસ હજાર,પાંચસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૨.

વિષયઃ– શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ કાર્યક્રમ અંતર્ગત બિલ્ડીંગ તથા રોડ સાઈડ જરૂરી લાઈટીંગ અંગેની વ્યવસ્થા કરેલ. જે અંગે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૨૦,૬૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના તા.:૧૧/૭/૨૦૧૫ ના રોજ શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ કાર્યક્રમ અંતર્ગત બિલ્ડીંગ તથા રોડ સાઈડ જરૂરી લાઈટીંગ અંગેની વ્યવસ્થા ,રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૨૦,૬૦૦/– અંકે રૂા.વીસ હજાર, છસો પુરા જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૩.

વિષયઃ–શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ તથા સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત બંને બિલ્ડીંગમાં તોરણ,હોર્ડીગ્સ,મેઈનગેટ,એન્ટ્રીગેટ વિગેરેમાં જરૂરી સુશોભન કામગીરી અંગેની વ્યવસ્થા કરેલ. જે અંગે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૬૫,૨૮૮/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના તા.:૧૧/૭/૨૦૧૫ ના રોજ શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ તથા સ્પોર્ટસ કોમ્પલેક્ષના યોગા રૂમ,બેડમિંટન કોટ, બીલ્યર્ડ રૂમ વિગેરેમાં જરૂરી શુશોભન કામગીરી,રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૬૫,૨૮૮/– અંકે રૂા.છપ્પન હજાર, બસો અઠયાંસી પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૪.

વિષયઃ– શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ તથા સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત સર્કિટ હાઉસ, વલસાડમાં ભોજન વ્યવસ્થા માટે જરૂરી ખુરશી ટેબલ, વોટરપ્રુફ મંડપ, ઈલેકટ્રીક પોઈન્ટ બોર્ડ વિગેરે વ્યવસ્થા કરેલ. જે અંગે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૮૦,૯૭૫/–મંજુર કરવા બાબત..

..૧૬..



ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના તા.:૧૧/૭/૨૦૧૫ ના રોજ શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ તથા સ્પોર્ટસ કોમ્પલેક્ષ કાર્યક્રમ અંતર્ગત સર્કિટ હાઉસ, વલસાડમાં ભોજન વ્યવસ્થા માટે જરૂરી ખુરશી ટેબલ, વોટરપ્રુફ મંડપ, ઈલેકટ્રીક પોઈન્ટ બોર્ડ વિગેરે કામગીરી,રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૮૦,૯૭૫/– અંકે રૂા. એંસી હજાર,નવસો પંચોતેર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૫.

વિષયઃ– શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ તથા સ્પોર્ટસ કોમ્પલેક્ષ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના આગમન માટે હેલીપેડ થી વલસાડ શહેરમાં માર્ગો ઉપર આગમન ગેટ, આભાર ગેટ વિગેરે રોડ સાઈડ ઉપર જરૂરી બોર્ડની વ્યવસ્થા કરેલ. જે અંગે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૮૦,૦૦૦/–મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના તા.:૧૧/૭/૨૦૧૫ ના રોજ શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ લોકાપર્ણ તથા સ્પોર્ટસ કોમ્પલેક્ષ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીના આગમન માટે હેલીપેડ થી વલસાડ શહેરમાં માર્ગો ઉપર આગમન ગેટ, આભાર ગેટ વિગેરે રોડ સાઈડ ઉપર જરૂરી બોર્ડ મુકવાની કામગીરી,રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૮૦,૦૦૦/– અંકે રૂા. એંસી હજાર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૬.

વિષયઃ–અરજદારશ્રી બાલકૃષ્ણ ડેવ.નાં ભાગીદાર શ્રી રાજાભાઈ બી. ડોબા વિગેરે મોગરાવાડીએ બાંધકામ પરવાનગી મેળવવા માટે જરૂરી બાંધકામ વિકાસ પરવાનગી અંગે જરૂરી વૃક્ષારોપણ ફીની રકમ રૂા.૧૮૦૦૦/– ડબલવાર નાણાં જમા થઈ ગયેલ છે. જે પરત મેળવવાની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અરજદારશ્રી બાલકૃષ્ણ ડેવ.નાં ભાગીદાર શ્રી રાજાભાઈ બી. ડોબા વિગેરે મોગરાવાડીએ રે.સ.નં.૧૮૮ /૧ /૧૯૦ પ્લોટ નં. ૧૯૦ વાળી જમીનમાં બાંધકામ વિકાસ પરવાનગી મેળવવા માટે જરૂરી બાંધકામ વિકાસ પરવાનગી અંગે જરૂરી વૃક્ષારોપણ ફી ની રકમ જમા કરાવવાની થાય છે. જે રસીદ નં.૪૮૯૬૯ / ૧૦–૭–૧૫ થી રૂા.૧૮૦૦૦/–પુરા ચેકથી જમા કરાવેલ છે. પરંતુ શરત ચુકથી અરજદારશ્રીએ ફરીથી વૃક્ષારોપણ પેટે રૂા.૧૮૦૦૦/– રસીદ નંબર ૫૦૬૫૦ તા.:૧૭–૮–૧૫ નાં રોજ ફરીથી જમા કરાવેલ છે. જેથી બે વખત નાણાં જમા કરાવેલ હોય રૂા.૧૮૦૦૦/– પરત કરવાની માંગણી કરેલ છે. જે હકીકતોથી વિદિત થતાં,શરતચુકથી ડબલવાર નાણાં જમા થઈ ગયેલ છે. જેથી રૂા.૧૮૦૦૦/– અરજદારશ્રીને પરત કરવા અંગેની નિયમોનુસારની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૭..



કામ નં.–૪૭.

વિષયઃ– વલસાડ નગરપાલિકા હસ્તકનો મોરારજી દેસાઈ મેમોરીયલ હોલના સ્ટેજના અંદરના ભાગના બંને દાદર (માલ મટીરીયલ મજુરી સહિત ) બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ મેમોરીયલ હોલના સ્ટેજના અંદરના ભાગના બંને દાદર (માલ મટીરીયલ મજુરી સહિત ) બનાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૮.

વિષયઃ– ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નીમીત્તે તા.:૧૮–૭–૧૫ ના રોજ શહેરના મુખ્ય માર્ગો ઉપર તથા તા.:૨૩–૮–૧૫ ના રોજ દશામાની મૂર્તિ વિસર્જન નીમીત્તે ઔરંગા નદી કીનારે તથા વાંકી નદી કિનારે જરૂરીયાત મુજબ લાઈટીંગની વ્યવસ્થા શ્રી જય અંબે લાઈટીંગ ડેકોરેશન –લુહાર ટેકરા,વલસાડનું આવેલ બીલ રૂા.૩૬,૪૦૦/–મંજુર કરવા બાબત..

ઠ ર ા વ .:

વો.વ.ક.ઠ.નં.૩૬૦/તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા ધ્વારા અબ્રામા ખાતે ઔરંગા નદીમાંથી રો–વોટર ઉપાડી ફીલ્ટરેશન પ્રક્રિયા કરી વલસાડના શહેરીજનોને પીવાનુ પાણી આપવામા આવે છે.નામદાર સરકારશ્રી તરફથી શહેરોજનોને યોગ્ય ગુણવત્તા ધરાવતુ પાણી પુરૂ પાડવા અવારનવાર સુચનાઓ મળે છે.જેના ભાગરૂપે **"SAFE DRINKING WATER" as per iso standard " WHO "** (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)નાં ધારાધોરણ મુજબ સ્લમ વિસ્તારના શહેરીજનોને કે જેઓ ટ્રીટેડ પીવાના પાણીની ઉચી કિમત ભોગવી શકતા નથી એવા "સ્લમ વિસ્તાર" ના **BPL** ફેમીલીને સસ્તા દરે શુધ્ધ પાણી સપ્લાય કરવાની જરૂર છે.જેમા ૨૦–લીટરના કેરેટના રૂા.:૮ થી ૧૦ પેટે લેવામા આવશે. જે અંગે **"WATER HEALTH INDIA-HYDRABAD"** ની ઓફર આવેલ છે.સદર પ્લાન્ટ હયાત વારીગૃહ હેડવર્કસના કંપાઉન્ડમા ૫૦ × ૫૦ ફીટ જગ્યામા બનાવવામા આવશે અને ચલાવવા માટે રો.વોટરની જોગવાઈ નગરપાલિકાએ કરી આપવાની થાય છે.સદર એજન્સી ૨૫ વર્ષ સુધી પોતે ચલાવશે અને ચાલુ હાલતમા ૨૫ વર્ષ બાદ વલસાડ નગરપાલિકાને સુપ્રત કરશે અથવા તો વલસાડ નગરપાલિકા ૨૫ વર્ષ બાદ મુદત પણ વધારી શકે છે.સદર આવેલ ઓફર અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણય કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૧૮.

વિષય.:– વો.વ.ક.ઠ.નં.૩૬૧ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ અબ્રામા વારીગૃહ હેડવર્કસથી કલ્યાણ બાગ ખાતે આવતી રાઈઝીંગ લાઈન નેશનલ હાઈવે પાસે જોશી હોટલ પાસે વારંવાર લીકેજ થતી જગ્યા પર ચેમ્બર બનાવવા અંદાજીત ખર્ચ રૂા.:૧,૪૦, ૩૧૪–મંજુર કરી કામગીરી કરવા જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૩૬૧ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ–અબ્રામાંથી રાઈઝીંગ લાઈન વાયા ધરમપુર ચોકડી ઓવરબ્રીજ થઈ કલ્યાણ બાગ ટાંકી પર આવે છે.સદર લાઈન ઘણા સમયની જુની હોવાથી અમુક જોઈન્ટ પાસે પાણી લીકેજનુ કામ નીકળે છે.જેમા ધરમપુર ચોકડી નજીક જોશી હોટલ સામેથી પસાર થતી રાઈઝીંગ લાઈનની ઉંડાઈ ૪ થી ૫ મીટર છે.સદર જગ્યાએ લીકેજ નીકળતા સમયે જે.સી.બી.થી ત્યાર બાદ મેન્યુલ ખોદાણ કામ કરી લીકેજની કામગીરી લેવામા આવે છે.જે ઘણુ ટાઈમ ટેકીગ છે.અને વધારે મેનપાવર ઉપયોગમા લેવા

..૩૩..



પડે છે.તેમજ વધારે ટાઈમ લાગવાના કારણે પાણીનો વધારે વ્યય થાય છે.સદર વેડફાતા ટાઈમ,મેનપાવર અને પાણીના થતા બગાડને અટકાવવા માટે ત્યાં જોઈન્ટ પર ચેમ્બર ( ૬.૦૦ × ૨.૫૦ × ૪.૨૦ મીટર ) બનાવી રોકી શકાય છે.જેનુ એસ્ટીમેઈટ રૂા.:૧,૪૦,૩૧૪–અંકે રૂા. એક લાખ, ચાલીસ હજાર,ત્રણસો ચૌદ થાય છે.સદર એસ્ટીમેઈટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૧૯

વિષય.:–

વો.વ.ક.ઠ.નં.૩૬૫ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે ૬.૫ એમ. એલ. ડી.રો.વોટર પ્લાન્ટ માટે નવી ખરીદેલી"૧૦૦એચ.પી.સબમર્જડ સેન્ટ્રીફયુગલ પંપ "માટે પેનલ બોર્ડ તેમજ ઈરેકશન કરવા માટે જરૂરી માલ સામાન ખરીદ કરવાની જરૂરીયાત છે જેનો અંદાજીત ખર્ચ રૂા.:૧,૫૪,૯૦૦– મંજુર કરી ખરીદી કરવા જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૩૬૫ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ ૬.૫એમ.એલ.ડી.રો.વોટર પ્લાન્ટ માટે "૧૦૦એચ.પી.સબમર્જડ સેન્ટ્રીફયુગલ પંપ " ખરીદ કરવામા આવેલ છે.સદર મોટર પંપ ચાલુ કરવાના કામે પેનલ **(GWSSB std.with PMU )** તેમજ મોટર પંપના ઈરેકશનના કામે જરૂરી સ્પેરપાર્ટ ખરીદ કરવાના કામે " રાજશ્રી એન્જીનીયરીંગ,અમદાવાદ " પાસે તપાસ કરતા તેમણે ૧૦૦એચ.પી.પેનલ તેમજ જરૂરી ફીટીંગ્સ વિગેરેનો એસ્ટીમેઈટ રૂા.:૧,૫૪,૯૦૦–અંકે રૂા. એક લાખ, ચોપ્પન હજાર, નવસો પુરાનુ આવેલ છે. જે મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૨૦

વિષય.:– વો.વ.ક.ઠ.નં.૩૬૬ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે ૬.૫ એમ. એલ. ડી. રો. વોટર પ્લાન્ટ માટે નવી ખરીદેલી " ૧૦૦ એચ. પી. સબમર્જડ સેન્ટ્રીફયુગલ પંપ "ઈરેકશન કરવા માટે જરૂરી પાઈપ લાઈન (એમ.એસ.)ખરીદ કરવાની જરૂરીયાત છે જેનો અંદાજીત ખર્ચ રૂા.:૧,૦૦,૬૫૦–થાય છે જે મંજુર કરી ખરીદી કરવા જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૩૬૬ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ ૬.૫એમ.એલ.ડી.રો.વોટર પ્લાન્ટ માટે "૧૦૦એચ.પી.સબમર્જડ સેન્ટ્રીફયુગલ પંપ " ખરીદ કરેલ છે.જેના ઈરેકશન કરવા માટે જરૂરી પાઈપ લાઈન( એમ.એસ.)ખરીદ કરવાની જરૂરી હોય,સદર કામ અંગે સ્થાનીક એજન્સી " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કર્સ – વલસાડ" નું એસ્ટીમેઈટ રૂા.૧,૦૦,૬૫૦/– અંકે રૂા. એક લાખ, છસો પચાસ પુરા આવેલ છે.સદર એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવાની જરૂરી મંજુરી આપવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..





વ.કા.નં.–૨૧

વિષય.:–વો.વ.ક.ઠ.નં. ૩૭૦ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે પ્યોટર વોટરપ્લાન્ટ મા "૧૦૦એચ.પી.ના પંપમા મીકેનીકલ ફોલ્ટ થતા તાત્કાલીક રીપેરીંગ કામ " આર.મેક્ષ એન્જીનીયરીંગ–વલસાડ " પાસે કરાવેલ છે.સદર કામગીરીને બહાલ રાખી આ અંગે રૂા.: ૩૮,૮૮૦–નો ખર્ચ મંજુર કરવા માટે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં. ૩૭૦ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ ૧૧ એમ. એલ. ડી. સામેલા પ્યોર વોટર પંપ હાઉસમા ગોઠવવામા આવેલ ૧૦૦એચ.પી.મોટર પંપ સેટ નં.૧ મા અચાનક ફોલ્ટ થતા બંધ પડી ગયેલ છે.જે ઈમરજન્સી ધોરણે સ્થાનીક બજારમા ભાવપત્રકો મંગાવતા "૧૦૦એચ.પી.પંપ " રીપેરીંગ કરાવવા માટે આવેલ કોટેશનમાં જણાવ્યા મુજબના સ્પેરપાર્ટ માટે " આર.મેક્ષ.એન્જીનીયરીંગ – વલસાડ" ના લોએસ્ટ ભાવ મંજુર કરી કરાવેલ કામગીરીને બહાલી આપી રૂા.:૩૮,૮૮૦–રૂા.આડત્રીસ હજાર, આઠસો એંસી પુરા મંજુર કરી બીલનુ ચુકવણુ કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૨૨

વિષય.:– વો.વ.ક.ઠ.નં. ૩૭૧ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે કાયમી કર્મચારી શ્રી પ્રવિણ મોતીલાલ પટેલ, સ્ટોર ચોકીદાર, પેટ્રોલ એલાઉન્સ માંગતી આવેલ અરજી અન્વયે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં. ૩૭૧ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે કાયમી કર્મચારી શ્રી પ્રવિણ મોતીલાલ પટેલ, હાલે સ્ટોર ચોકીદાર,તેમજ મેઈંટેનન્સના તમામ કામગીરીમા આગેવાનીનું પાત્ર ભજવે છે અને ખુબજ ખંતથી પોતાની જવાબદારી સમજી કામગીરી નિયમીત પ્રમાણે કરે છે.જેથી પ્લાન્ટ પર ૨૪ કલાકમા જયારે ત્યારે બ્રેકડાઉન આવે છે ત્યારે સદર કર્મચારી સમયની ગંભીરતા સમજી પોતાના વાહન પર જગ્યા પર પોહચે છે.અને પ્રોબલેમનુ નિવારણ લાવે છે.જેમા રાઈઝીંગ લાઈનના લીકેજો,ઈલેકટ્રીક સાઈડના ફોલ્ટ તથા વશીયર તેમજ અટકપારડી પર વર્કશોપ પર જરૂરી સ્પેરપાર્ટ લેવાની જરૂરીયાત પડતા પોતાના વાહન પર જાય છે.સદર કર્મચારીની પેટ્રોલ એલાઉન્સ માંગણી કરતી અરજી અન્વયે, ચર્ચાવિચારણાના અંતે પેટ્રોલ એલાઉન્સ આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૨૩

વિષય.:– વો. વ. ક. ઠ. નં. ૩૭૨ / તા.: ૧૩ – ૧૦– ૨૦૧૫ ની ભલામણ મુજબ, વોર્ડ નં.–૪ માં સુધડ ફળીયાના નાકે સભ્યશ્રી ઉજેશભાઈ પટેલના ધરની આગળના ભાગે ૩" ડાયાની પીવાના પાણીની ૧૨૨ મીટર જી.આઈ.પાઈપ લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.:૧,૪૨,૯૪૪ –મંજુર કરી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા બાબત..

..૩૫..



ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં. ૩૭૨ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમા સુધડ ફળીયાના નાકે વોર્ડ નં.૪ના સભ્યશ્રી ઉજેશભાઈ પટેલના ધરની આગળના ભાગે ૩" ડાયાની જી.આઈ.પાઈપ લાઈન ઘણી જુની હોવાથી વારંવાર લીકેજ થાય છે.જેથી સદર લીકેજ મારફતે ડ્રેનેજ પાણી મીક્ષ થઈ જતા ત્યાના રહીશોને ફીલ્ટર પીવાનુ પાણી મળતુ નથી અને વારંવાર લીકેજ થવાથી સદર ડીપાર્ટમેન્ટનો ઘણો સમય વેડફાય છે.જેના કાયમી નિવારણ માટે

સદર વિસ્તારમા નવી ૩''ડાયાની જી.આઈ.પાઈપ લાઈન ૧૨૨ મીટર લાંબી નાંખવાની જરૂરીયાત છે.સદર કામગીરી કરાવવા માટે વો.વ.ક.ઠ.નં. ૯૩/તા.: ૧૪–૧૧–૨૦૧૪થી "શ્રી હીરેન સેનેટરી સ્ટોર્સ,અમદાવાદ" ના વર્ષ ૨૦૧૪–૧૫ના ભાવ મંજુર થયેલ છે.સદર કામગીરીનો માલસામાનનો અંદાજીત ખર્ચ રૂા.: ૧,૦૪,૧૦૨–તેમજ વો.વ.ક.ઠ.નં.૫૯/તા.:૧૮–૫–૨૦૧૩થી વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મજુરી કામના ભાવ " અશોક એન. પટેલ–વલસાડ" ના મંજુર થયેલ છે.મંજુર થયેલ ભાવે મજુરી કામના અંદાજીત ખર્ચ રૂા.:૪૦,૮૪૦– આમ કુલ અંદાજીત ખર્ચ રૂા.:૧,૪૨,૯૪૪ – એક લાખ,બેતાલીસ હજાર નવસો ચુમ્માલીસ પુરા થાય છે .સદર એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવાની જરૂરી મંજુરી આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–૨૪</u>

<u>વિષય.:–</u> વો. વ. ક. ઠ. નં. ૩૮૩ / તા.: ૧૩ – ૧૦– ૨૦૧૫ ની ભલામણ મુજબ, વોર્ડ નં.૯મા અબ્રામા રોડ, મોગરાવાડી વિસ્તારમા પીવાના પાણીમા ઓછા પ્રેસરનો પ્રશ્ન હોવાના કારણે અબ્રામા રોડ શાકભાજી મારકેટ પાસે બુસ્ટર પંપ મુકવા અગેનો એસ્ટીમેઈટ રૂા.:૫,૪૦, ૦૦૦ – મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં. ૩૮૩ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ,અબ્રામા ઝોન ઓફીસની સામે પીવાના પાણીની ઓવર હેડ ટાંકી બનાવવામા આવેલ છે.જેમા ર્ડા.બાબુભાઈની ગલી,ભુતબંગલા,વિગેરે છેલ્લી ૪–૫ ગલીમાં પાણી હાલે પ્રેશરથી પહોચતુ નથી.જેથી પંચાયતના સમયે બનાવવામા આવેલ પાણીની પરબ જે હાલે બંધ છે તે જગ્યા પર બુસ્ટર પંપ મુકી ઓછા પ્રેશરનુ નિવારણ લાવી શકાય એમ છે.૨૫ એચ.પી.નુ.બુસ્ટર પંપ તમામ એસેસરીઝ સાથેનુ કોટેશન"રાજશ્રી એન્જીનીયર્સ,અમદાવાદ " પાસે મંગાવવામા આવતા રૂા.:૫,૪૦,૦૦૦–અંકે રૂા.પાંચ લાખ,ચાલીસ હજાર પુરાનુ રજુ થયેલ છે.સદર એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવાની જરૂરી મંજુરી આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડ ને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–૨૫</u>

<u>વિષય.:–</u> વો. વ. ક. ઠ. નં. ૩૮૪ / તા.: ૧૩ – ૧૦– ૨૦૧૫ ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે નવી ઓવર હેડ ટાંકી થી ગેટ આગળ વોચમેન કેબીન સુધી ૩૦૦, ૪૫૦,તથા ૫૦૦ એમ.એમ.ડાયાની ડી.આઈ.પાઈપ લાઈન નાખંવાનુ કામ સને ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર ભાવે "શ્રી અશોક એન. પટેલ,વલસાડ" પાસે કરાવવામા આવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.: ૨,૧૭,૮૦૩/–મંજુર કરવા બાબત..

..૩૬..



<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં. ૩૮૪ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે નવી ઓવર હેડ ટાંકી બનાવવામા આવેલ છે.સદર ટાંકીથી ગેટ આગળ વોચમેન કેબીન સુધી તથા ૬.૫એમ.એલ.ડી.ફીલ્ટર પ્લાન્ટથી અંડરગ્રાઉન્ડ સંપ સુધી ૩૦૦,૪૫૦,તથા ૫૦૦ એમ.એમ.ડાયાની ડી.આઈ.પાઈપ લાઈન નાખંવાની જરૂર હોવાથી સદર કામગીરી અંગેના મજુરી કામના વાર્ષીક ભાવો વો.વ.ક.ઠ.નં.૫૯/તા.:૧૮–૫–૨૦૧૩થી વર્ષ ૨૦૧૩– ૨૦૧૪ના

વાર્ષીક મજુરી કામના ભાવ " અશોક એન. પટેલ–વલસાડ" ના મંજુર થયેલ છે.સદર મંજુર થયેલ ભાવે સદર કામગીરી "શ્રી અશોક એન. પટેલ, વલસાડ " પાસે કરાવેલ છે જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.:૨,૧૭,૮૦૩– અંકે રૂા. બે લાખ,સત્તર હજાર, આઠસો ત્રણ પુરા મંજુર કરી બીલનુ ચુકવણુ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૨૬

વિષય.:– વો. વ. ક. ઠ. નં. ૩૮૫ / તા.: ૧૩ – ૧૦– ૨૦૧૫ ની ભલામણ મુજબ,વારીગૃહ શહેર ખાતે હરીજનવાસ

શહીદચોક ખાતે પીવાના પાણીની જુની લાઈન ચોકપ થવાથી પાણીનુ પ્રેસર મળતુ ન હોય સદર લાઈન ઉપર ધરો બની ગયેલ હોવાથી નવી પાઈપ લાઈન નાંખવાની જરૂર હોવાથી સને ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલ ભાવે માલસામાન ખરીદી તથા પાઈપ લાઈન નાંખવાના મજુરી કામ સાથે કુલ એસ્ટીમેઈટ રૂા.:૪૭,૭૪૦–મંજુર કરી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં. ૩૮૫ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " હરીજનવાસ, શહીદચોક "મા આવેલ ૧૦–૧૨ ધરમા પાણીના ઓછા પ્રેસરે અને અપુરતા પ્રમાણમાં પુરવઠો પહોચે છે.સદર લાઈનને નાના પારસીવાડ બુસ્ટર પંપથી સપ્લાય અપાય છે.જે ખાડા પડી તપાસ કરતા તકલીફ ઘણી ગંભીર છે.અને એનુ કારણ આવેલ પે એન્ડ યુઝના આગળથી લાઈન ચોકપ છે.પરંતુ સદર ચોકપ લાઈન અસલની હોવાથી સદર લાઈનના ભાગના ઉપર ધરો બની ગયેલ છે.જેથી ખાનગી માલીકીના ધરમા ખાડા પડી ચોકપ કલીયર કરી શકાય એમ નથી.જેથી આ તકલીફના નિવારણ માટે સભ્યશ્રી નિમિષાબેન ,ઈજનેરશ્રી અને લાઈનમેન સાથે જોઈન્ટ સર્વે કરી નિર્ણય લેવામા આવ્યો કે હરીજનવાસના જે ભાગે તકલીફ છે ત્યાંથી શહીદચોક બુસ્ટર પંપથી પસાર થતી લાઈન છે.જેમાંથી ૨"ડાયાની લાઈન પહેલા કનેકશન સુધી લઈ જઈ કનેકશન ચાલુ કરી શકાય.જેથી નાના પારસીવાડ બુસ્ટરપંપથી સપ્લાય અપાતા ઝોનમા ૧૦–૧૨ ધરના કનેકશન ઓછા થતા સદર વિસ્તારમા પણ જે ઓછા પ્રેસરની ફરીયાદ રહેલ છે.તેમા હકારાત્મક ફેર પડશે.સદર કામગીરી માટે નીચે મુજબનો માલ સામાનની જરૂરીયાત છે.સદર માલસામાન અંગેના ભાવો વો.વ.ક.ઠ.નં.૯૩/તા.:૧૪–૧૧–૨૦૧૪થી "હીરેન સેનેટરી સ્ટોર્સ,અમદાવાદ"ના ભાવો મંજુર થયેલ છે.સદર જરૂરી માલસામાનનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા.: ૩૪,૧૦૦–તેમજ કામગીરી કરવા મજુરી કામ અંગે વો.વ.ક.ઠ.નં.૦૭/તા.:૧૧–૫–૨૦૧૨ થી " અશોક એન. પટેલ,વલસાડ"ના ભાવો મંજુર થયેલ છે.જે મંજુર થયેલ ભાવ મુજબ મજુરી ખર્ચ રૂા.:૧૩,૬૪૦–થવા જઈ રહેલ છે.એમ કુલ એસ્ટીમેઈટ ખર્ચ રૂા.:૪૭,૭૪૦– અંકે રૂા. સુડતાલીસ હજાર, સાતસો ચાલીસ પુરા થવા જઈ રહેલ છે. સદર એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવાની જરૂરી મંજુરી આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

..૩૭..



વ.કા.નં.–૨૭

વિષય.:– વો. વ. ક. ઠ. નં. ૩૮૬ / તા.: ૧૩ – ૧૦– ૨૦૧૫ ની ભલામણ મુજબ, અબ્રામા વાલ્યા ફળીયા ખાતે આવેલ અંદર ગ્રાઉન્ડ સમ્પ ,ઓવર હેડ ટાંકી તથા પંપ હાઉસ પ્રિમાઈસીસની ફરતે કંપાઉન્ડ વોલ બનાવવા માટે અંદાજીત ખર્ચ રૂા.: ૫૦,૮૪,૯૦૦–મંજુર કરી કામગીરી કરાવવા નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં. ૩૮૬ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, અબ્રામા વાલ્યા ફળીયા ખાતે આવેલ અંદર ગ્રાઉન્ડ સમ્પ, ઓવર હેડ ટાંકી તથા પંપ હાઉસ પ્રિમાઈસીસમા ખેતરવાળી જમીન હોય ખુબજ ગંદકી થાય છે.પાણીનો પુષ્કળ પ્રમાણમાં ભરાવો થાય છે.જેથી સદરહુ જમીનમા પુરાણ કામ કરાવી કંપાઉન્ડ વોલ બનાવવાની જરૂરીયાત છે.સદરહુ અબ્રામા ખાતે આવેલ સમ્પ તથા પંપ હાઉસની ફરતે ખાનગી માલીકીની જગ્યાઓ તેમજ ફેકટરીઓ આવેલ છે. શુધ્ધ કરેલ પાણીનો પુરવઠો શહેરીજનોને સમયસર પુરો પાડવાનો હોય.સદરહુ સંકુલને સુરક્ષા કવચ આપવાની અત્યંત જરૂરીયાત ઉભી હોય. જેથી સદરહું કામનો આવેલ એસ્ટીમેઈટ રૂ.:૫૦,૮૪,૯૦૦– અંકે રૂ.પચાસ લાખ,ચોર્યાસી હજાર, નવસો પુરાનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં.૬૩૦/તા.:૩૦–૪–૨૦૧૫થી મંજુર કરેલ છે.સદર કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનાર યોજનાઓમા સમાવેશ કરી સદરહુ કામ કરાવવાનુ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૨૮

વિષય.:– વો.વ.ક.ઠ.નં. ૩૮૭ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ,અબ્રામા ઔરંગાનદી પાસે આવેલ વારીગૃહ હેડવર્કસ પ્રિમાઈસીસની ફરતે કંપાઉન્ડ વોલ બનાવવા માટે અંદાજીત ખર્ચ રૂ.:૭૨,૫૧,૮૦૦–પુરા મંજુર કરી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં. ૩૮૭ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, અબ્રામા ઔરંગા નદી પાસે આવેલ વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ હેડવર્કસ જેમા ૩ (ત્રણ ) પ્યોરીફીકેશન પ્લાન્ટના યુનીટ મળીને કુલ ૨૮.૫ એમ.એલ.ડી.ક્ષમતા ધરાવે છે જેમા રો.વોટર પંપ હાઉસ, કલેરીફ્રોકયુલેટરો, ફીલ્ટર રૂમ, પ્યોર વોટર પંપ હાઉસ, કેમીકલ લેબ, સ્પેરપાર્ટ, ફટકડી, બ્લીચીંગ પાઉડર વિગેરે માટે સ્ટોર એમ ઘણી કિંમતી અને આવશ્યક પ્રોપર્ટી આવેલ છે.ત્યાં નદી કિનારે અવાર નવાર ગામના રહીશો ધ્વારા હેડવર્કસમાથી રસ્તો ઉપયોગમા લેવામા આવે છે.જેથી વલસાડ નગરપાલિકાની પ્રોપર્ટીને નુકશાન પહોચવાનો ભય રહે છે.સદરહુ સંકુલને સુરક્ષા કવચ આપવાની અત્યંત જરૂરીયાત હોય, જેથી સદરહુ કામનો અંદાજીત ખર્ચ રૂ.: ૭૨,૫૧,૮૦૦– અંકે રૂ.બોતેર લાખ,એકાવન હજાર, આઠસો પુરાનો ખર્ચ મંજુર કરી, કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનાર યોજનાઓમા સમાવેશ કરી સદરહું કામ કરાવવાનુ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

વ.કા.નં.–૨૯

વિષય.:– વો.વ.ક.ઠ.નં. ૩૮૮ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, જુની રાઈઝીંગ લાઈન અબ્રામા ઝોન ઓફીસથી રેલ્વે સ્ટેશન સુધી રીપ્લેસમેન્ટ માટે અંદાજીત ખર્ચ રૂ.:૧,૨૬,૦૮,૦૮૦–મંજુર કરી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા બાબત..

..૩૮..



ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં. ૩૮૮ / તા.:૧૩–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ, અબ્રામા હેડવર્કસ ખાતેથી કલ્યાણ બાગ સુધી ૪૫૦એમ.એમ.ની રાઈઝીંગ લાઈન વાયા અબ્રામા વાલીયા ફળીયાથી રેલ્વે સ્ટેશન ક્રોસ કરી આવેલ છે.સદર લાઈન સને ૧૯૬૩મા નાંખવામા આવેલ છે.જેથી હાલે પરિસ્થિતિ ઘણી ગંભીર થયેલ છે.છાશવારે લીકેજ થાય છે.જેથી ડીપાર્ટમેન્ટનો મેનપાવર અને પાણીનો બગાડ ઘણો થાય છે.હાલે અબ્રામા વિસ્તારમા ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી ચાલી રહેલ

છે.જે સદર પાણીની લાઈન અડચણરૂપ છે.આમ પાણીનો બગાડ થતા મેનપાવર બચાવવા અબ્રામા ઝોન ઓફીસથી લઈ રેલ્વે સ્ટેશન સુધી ૧૬૩૫ રનીંગ મીટર જેટલી ૪૫૦એમ.એમ.ની ડી.આઈ.કે.૯ –જુની રાઈઝીંગ લાઈનના રીપ્લેસમેન્ટમા નાંખી સમસ્યાનુ નિવારણ લાવી શકાય એમ છે.સદર કામગીરીનો એસ. ઓ. આર.૨૦૧૪–૧૫ પ્રમાણે અદાજીત ખર્ચ રૂા.:૧,૨૬,૦૮,૦૮૦– અંકે રૂા.એક કરોડ,છવ્વીસ લાખ, આઠ હજાર, એંસી પુરા થાય છે.સદર ખર્ચ મંજુર કરી કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનાર યોજનાઓમાં સમાવેશ કરી સદરહુ કામ કરાવવાનુ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૩૦.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.–૩૬૯/તા.:૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ મોગરાવાડી ઝોન વિસ્તારને લાગુ આવેલ હદ બહાર પારડી સાંઢપોર ગ્રામપંચાયત વિસ્તારમાં હનુમાનફળીયા સામે શ્રી સંદીપભાઈ પાટીલના ઘરની સામે જાહેર સ્ટેન્ડ પોસ્ટ મુકવા જરૂરી માલસામાન ખરીદ કરવા અંદાજીત ખર્ચ રૂા.૧૪,૦૦૦ /–મંજુર કરી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠ ર ા વ :</u>

વો.વ.ક.ઠ.નં.–૩૬૯/તા.:૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ મોગરાવાડી ઝોન વિસ્તારને લાગુ આવેલ હદ બહાર પારડી સાંઢપોર ગ્રામપંચાયત વિસ્તારમાં હનુમાનફળીયા સામે શ્રી સંદીપભાઈ પાટીલના ઘરની સામે સભ્યશ્રી કમળાબેન તથા અન્ય સભ્યશ્રીઓ તરફથી જાહેર સ્ટેન્ડ પોસ્ટ મુકવા જરૂરી માટે રજુઆત કરતા તેમનાં તરફથી મોગરાવાડી કર્મચારીને સ્થળ પર મોકલાવી સ્થળ તપાસ કરાવેલ છે. જેમાં હાલે ચોમાસાની ઋતુ લંબાઈ જતા સદરહુ વિસ્તારનાં બોરીંગમાં પાણીની ઘટ પડવાથી જાહેર સ્ટેન્ડ પોસ્ટ મુકવાની જરૂર છે. જે માટે ૧૫ એમ.એમ.ડાયાના ૩૪ મીટર જી.આઈ.પાઈપ તથા અન્ય ફીટીંગ્સ નાંખવાનું થાય છે. જે મંજુર થયેલ વાર્ષીક ભાવ સને૨૦૧૪–૧૫ મુજબ કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૪,૦૦૦ /– અંકે રૂા. ચૌદ હજાર પુરા મંજુર કરી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૩૧.</u>

<u>વિષયઃ–</u>વો.વ.ક.ઠ.નં.–૩૭૪/તા.:૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ વારિગૃહ હેડવર્કસ ખાતે આવેલ લામેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના મોટર પંપ સેટ નં. ૨નું રીપેરીંગ કામ " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૮,૨૫૦/–મંજુર કરવા બાબત..

<u>ઠ ર ા વ :</u>

વો.વ.ક.ઠ.નં.–૩૭૪/તા.:૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ, વારિગૃહ હેડવર્કસ ખાતે આવેલ લામેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના પ્યોરવોટર પંપ હાઉસની ૧૨૦ એચ.પી.મોટર પંપ સેટ નં.–૨ ઈલેકટ્રીક ફોલ્ટ થતાં બંધ પડી ગયેલ હતી. જેને તાત્કાલીક રીપેરીંગ કરવાની જરૂરીયાત હોવાથી સ્થાનીક એજન્સી " નીલકંઠ એન્જીનીયરીંગ–વલસાડ" પાસે જરૂરી રીપેરીંગ કામ કરાવેલ છે. સદર કરાવેલ કામગીરીને બહાલી આપી તે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૮૨૫૦/–મંજુરી આપી આવેલ બીલનું ચુકવણું કરવાનું ઠરાવવામાં આવે છ

સ.મ.મંજુર..

..૩૯..



<u>વ.કા. નં.–૩૨.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.–૩૭૬/તા.:૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ વારિગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ૬૦ એચ.પી.ટર્બાઈન મોટર પંપ ગોઠવવાના કામે ૪૮૫ એમ.એમ.લંબાઈનો એમ.એસ.

રીડયુસર બનાવવાની કામગીરી " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૮,૨૫૦/—મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.—૩૭૬/તા.:૧૩—૧૦—૧૫ની ભલામણ મુજબ, વારિગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ૬૦ એચ.પી.ટર્બાઈન મોટર પંપ ગોઠવવાના કામે ૪૮૫ એમ.એમ.લંબાઈનો એમ.એસ.રીડયુસરની જરૂરીયાત ઉપસ્થીત થતાં ઈમરજન્સીનાં ધોરણે નવો બનાવવા માટે સદર કામગીરી સ્થાનીક એજન્સી" " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૮,૨૫૦/—અંકે રૂા. આઠ હજાર, બસો પચાસ પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.—૩૩.</u>

<u>વિષયઃ—</u> વો.વ.ક.ઠ.નં.—૩૭૮/તા.:૧૩—૧૦—૧૫ની ભલામણ મુજબ વારિગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના પ્યોર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ૧૨૦ એચ.પી. મોટર પંપમાં ખરાબ થઈ ગયેલ જરૂરી માલ—સામાન બહાર કાઢીને નવા ફીટીંગ કરવાનું મજુરી કામ " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૬,૫૦૦/—મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.—૩૭૮/તા.:૧૩—૧૦—૧૫ની ભલામણ મુજબ,વારિગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ૧૨૦ એચ.પી.મોટર પંપ સેટ નં.૨માં એકાએક મીકેનીકલ ફોલ્ટ આવતાં મોટર પંપ બંધ પડી ગયેલ હતી, ઈમરજન્સીના ધોરણે સ્થાનીક એજન્સી પાસે તપાસ કરાવતા સદર મોટર પંપમાં ઈમ્પીલરમાં આવેલ શાફ્ટ સ્લીવ, બેરીંગ ખરાબ થઈ ગયેલ હોવાથી જરૂરી માલસામાન બહાર કાઢીને નવા ફીટીંગ કરવાનું મજુરી કામ " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૬,૫૦૦/—અંકે રૂા. છ હજાર, પાંચસો પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.—૩૪.</u>

<u>વિષયઃ—</u> વો.વ.ક.ઠ.નં.—૩૭૯/તા.:૧૩—૧૦—૧૫ની ભલામણ મુજબ વારિગૃહ હેડવર્કસ ખાતે સાઉથ અબ્રામા માટે નવી ટાંકીને લાઈન સાથે જોઈન્ટ કરવા માટે ૨૨" ડાયાના " ટી " નું મશીનીંગ કરવાનું મજુરી કામ " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૧૦,૫૦૦/—મંજુર કરવા બાબત..

..૪૦..



<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.—૩૭૯/તા.:૧૩—૧૦—૧૫ની ભલામણ મુજબ,વારિગૃહ હેડવર્કસ સાઉથ અબ્રામા માટે નવી ટાંકીને લાઈન સાથે જોઈન્ટ કરવા માટે ૨૨" ડાયાના " ટી " નું મશીનીંગ કરવાની કામગીરીની જરૂર હતી, ઈમરજન્સી

ધોરણના હીસાબ સ્થાનીક બજારમાં " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસેથી મશીનીગની કામગીરી કરાવેલ છે, જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૧૦,૫૦૦/– અંકે રૂા. દશ હજાર, પાંચસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૩૫.</u>

<u>વિષયઃ–</u>વો.વ.ક.ઠ.નં.–૩૮૦/તા.ઃ૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ વારિગૃહ શહેર કલ્યાણબાગ ખાતે આવેલ મેઈન ૧૮" ડાયાનાં વાલ્વમાં ગીયર સેટ નવો નાંખી રીપેરીંગ કરવાનું મજુરી કામ " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસે કરાવેલ. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૧૪,૫૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠ ર ા વ .ઃ</u>

વો.વ.ક.ઠ.નં.–૩૮૦/તા.ઃ૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ, વારિગૃહ શહેર કલ્યાણબાગ ખાતે આવેલ મેઈન ૧૮" ડાયાનાં વાલ્વમાં ગીયર સેટ ખરાબ થઈ ગયેલ હોવાથી વાલ્વ ઓપરેટ કરવામાં ઘણી મુશ્કેલી ઉભી થતી હોવાથી ઈમરજન્સી ધોરણના હીસાબે સ્થાનીક બજારમાં " નીલકંઠ એન્જીનીયરીંગ વર્કસ,વલસાડ " પાસેથી નવો ગીયર સેટ નાખી રીપેરીંગની કામગીરી કરાવેલ છે. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૧૪,૫૦૦/– અંકે રૂા. ચૌદ હજાર, પાંચસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૩૬.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.–૩૮૧/તા.ઃ૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ,યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના હેઠળ પાણી પુરવઠા અંગેની જુદીજુદી સાઈઝની ડીસ્ટ્રીબ્યુશન પાઈપલાઈન નાંખવાનાં કામે કોન્ટ્રાકટર " શ્રી રંગ બિલ્ડર્સ – ધરમપુર વલસાડ" ની કામગીરી કરવા બાબતે સમય મર્યાદામાં વધારો કરવાની આવેલ અરજી બાબતે નિર્ણય થવા બાબત..

<u>ઠ ર ા વ .ઃ</u>

વો.વ.ક.ઠ.નં.–૩૮૧/તા.ઃ૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ, યુ. આઈ. ડી. એસ. એસ. એમ. ટી. યોજના હેઠળ પાણી પુરવઠા અંગેની જુદીજુદી સાઈઝની ડીસ્ટ્રીબ્યુશન પાઈપલાઈન નાંખવાનું કામ" શ્રી રંગ બિલ્ડર્સ – ધરમપુર વલસાડ" નું ટેન્ડર મંજુર થયેલ છે. જે અંગેના ભાવ વો.વ.ક.ઠ.નં.૧૮૨ / તા.ઃ૧૩–૦૮–૨૦૦૯ તથા કા.ક.ઠ.નં.૪૫૩ / તા.ઃ ૨૭–૮–૨૦૦૯ થી મંજુર થયા મુજબ તેમને વર્કઓર્ડર વો.વ.જા.નં.૨૪૧ / તા.ઃ૬–૧૦–૨૦૦૯ થી આપવામાં આવેલ છે. સદર ઠેકેદાર કામગીરી ચાલુ કરેલ છે. સદર કામગીરી ૬ માસમાં પૂર્ણ કરવાની હતી પરંતુ કામગીરી કરવામાં અડચણ ઉભી થતી હોય અને કામગીરી ભીડવાળા ચાલુ રસ્તા ઉપર કરવાની હોવાથી સદર ઠેકેદારની અત્રેની કચેરીનો આવક નં.૧૧૯૩ / તા.ઃ૧૦–૬–૨૦૧૫ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તેમણે તા.ઃ૧૫–૦૩–૨૦૧૨ સુધીની કામગીરી કરવા અંગેની સમય મર્યાદામાં વધારો કરવાની આવેલ અરજી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..





<u>વ.કા. નં.–૩૭.</u>

<u>વિષયઃ–</u> સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંર્તગત વિકાસના કામોની જાહેર ખબર " ગુજરાત સમાચાર " સુરત આવૃત્તિની ૪૦મી વર્ષગાંઠ નિમિત્તે હાર્દિક શુભેચ્છા જાહેરાત વલસાડ

નગરપાલિકા–વલસાડ ની તા.:૫–૫–૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ. જે અંગેનું આર.કે.પબ્લીસીટી,વલસાડનું આવેલ બીલ રૂા. ૧૫,૧૨૦/–મંજુર કરવા બાબત..

ઠ રા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા તરફથી સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રીશ્રી, શહેરી વિકાસ યોજના અંતર્ગત વિકાસના કામોની જાહેર ખબર " ગુજરાત સમાચાર " દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવેલ જે અંગેનું આર. કે. પબ્લીસીટી–વલસાડનું આવેલ બીલ રૂા.૧૫,૧૨૦/– અંકે રૂા.પંદર હજાર, એકસો વીસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૩૮.

વિષયઃ– વોર્ડ નં.–૧૨ નાં તિથલ રોડ વિસ્તારમાં આવેલ રવિન્દ્રનગર કો. હા. સોસાયટીનો રસ્તો ખુબજ ખરાબ છે.સદરહું રસ્તાને પેવરબ્લોકનો રસ્તો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૦૪,૫૪૨/–મંજુર કરવા બાબત..

ઠ રા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૨ નાં તિથલ રોડ વિસ્તારમાં આવેલ રવિન્દ્રનગર કો.હા.સોસાયટીનો રસ્તો ખુબજ ખરાબ છે.સદરહું રસ્તાને ૮૦ એમએમ જાડાઈનો પેવરબ્લોકનો રસ્તો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૦૪,૫૪૨/– અંકે રૂા. એક લાખ, ચાર હજાર, પાંચસો બેતાલીસ પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૩૯.

વિષયઃ– આર્કીટેક / એન્જીનીયર તરીકે રજીસ્ટ્રેશન કરવા અંગેની જુદા જુદા અરજદારોની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચીવાલય – ગાંધીનગરના પરીપત્ર નં. પરચ / ૧૦૨૦૦૧ / ૪૫૫, તા.:૨૭–૩–૨૦૦૧ થી આર્કીટેક, એન્જીનીયર, સ્ટ્રકચરલ ડીઝાઈનર, સાઈટ સુપરવાઈઝર, માલીક,વિગેરેના રજીસ્ટ્રેશન કરવાની પ્રથા દાખલ કરવામાં આવેલ છે. અને સદર પરિપત્ર થી જેતે કેટેગરીમાં રજી. કરવાની લાયકાત નકકી કરવામાં આવેલ છે. જેની નોંધ નગરપાલિકા નગરપાલિકા જ.બો.ઠ.નં. ૩૫ / તા.: ૨૭–૭–૨૦૦૧ થી નોંધ લઈ તેવા રજીસ્ટ્રેશન કરવા, નિયમો, રજીસ્ટ્રેશન ફી તથા રીન્યુઅલ ફી નકકી કરવામાં આવેલ છે. અને ઠરાવનું અમલીકરણ કરવામાં આવેલ છે.

..૪૨..



ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં અરજદારો ધ્વારા તેઓનું રજીસ્ટ્રેશન કરવાના કામે નિયત કરવામાં આવેલ અરજી ફોર્મમાં જરૂરી વિગતો દર્શાવી પુરાવાઓ રજુ કરી રજીસ્ટ્રેશન કરવા જણાવેલ છે. અરજદારોની અરજી જોતાં,

સદર તેઓની માંગણી પ્રમાણે જરૂરી લાયકાતો ધરાવતા હોઈ, તેઓની માંગણી પ્રમાણે નીચે જણાવેલ કેડરમાં રજીસ્ટ્રેશન કરવાને પાત્ર હોય,ઉપરોકત આવેલ કામ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | નામ.– સરનામું. | રજી.કરવાની કેટેગરી. |
|---|---|---|
| ૧. | હર્ષિવ હરકિશનભાઈ પટેલ,–મુ.પો.ઉંડાચ,તા.ગણદેવી. | એન્જીનીયર તરીકે. |
| ૨. | જિગ્નેશકુમાર નરેશચંદ્ર લાડ,–મુ.પો.ખુંધ,ચીખલી. | સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૩. | અમીબેન વસંતલાલ મિસ્ત્રી,– અબ્રામા, વલસાડ. | એન્જીનીયર તરીકે. |
| ૪. | રાજદીપ ઉમાશંકર ડોની,–બીલીમોરા,તા.ગણદેવી. | સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૫. | રાજદીપ ઉમાશંકર ડોની, –બીલીમોરા,તા.ગણદેવી. | એન્જીનીયર તરીકે. |
| ૬. | મહેન્દ્ર. એમ. મિસ્ત્રી,–ડભોંલી, સુરત. | સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૭. | મહેન્દ. એમ. મિસ્ત્રી, –ડભોંલી, સુરત. | એન્જીનીયર તરીકે. |
| ૮. | ચિરાગકુમાર છીબુભાઈ પટેલ–મુ.પો.નવેરા,જી.વલસાડ | આર્કીટેક તરીકે. |
| ૯. | સુરેખા હિતેન્દ્ર પટેલ,– મુ.પો.ધડોઈ,તા.જી.વલસાડ | આર્કીટેક તરીકે. |
| ૧૦. | મોદી કલ્પેશ અશોકભાઈ,– નાની મહેતવાડ,વલસાડ | એન્જીનીયર તરીકે. |
| ૧૧. | હેમાંગ. પી. મિસ્ત્રી,– તીથલ રોડ, વલસાડ | આર્કીટેક તરીકે. |
| ૧૨. | રાકેશકુમાર બાબુભાઈ લાડ,–મુ.પો.બામણવેલ,ચીખલી. | એન્જીનીયર તરીકે. |
| ૧૩. | ચિંતન કિરીટભાઈ દડાનિયા,–તીથલ રોડ,વલસાડ | એન્જીનીયર,સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૧૪. | કેયુર જયેશભાઈ ચૌહાણ,–હેડ પોસ્ટ ઓફીસ પાસે,વલસાડ. | એન્જીનીયર,સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૧૫. | કાર્તિક પ્રવિણભાઈ વશી,– સીટી પેલેસ,વલસાડ. | સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૧૬. | અમિતકુમાર હરિભાઈ સોની,–તીથલ રોડ,વલસાડ. | એન્જીનીયર તરીકે. |
| ૧૭. | મુર્તુઝા. એમ. બસરાઈ,–બેગમપુરા,સુરત. | સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૧૮. | મિનેશ અનિલ પરમાર,–અબ્રામા, વલસાડ. | આર્કીટેક તરીકે. |
| ૧૯. | ભાવિન નવીનભાઈ લાડ,– કલવાડા, વલસાડ. | આર્કીટેક તરીકે. |
| ૨૦. | વિરેનભાઈ કે. લાડ, –મુ.પો.કુકેરી, ચીખલી. | એન્જીનીયર તરીકે. |

સ.મ.મંજુર

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૮ માં મોગરાવાડી, છતરીયાની પહેલી ગલીમાં વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ગટર બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૪૯,૫૭૧–૦૦ મંજુર કરવા બાબત..





<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, વોર્ડ નં.–૮ માં મોગરાવાડી, છતરીયાની પહેલી ગલીમાં વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય, આગામી વરસાદી સિઝનને ધ્યાનમાં લઈ આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ગટર બનાવવાની જરૂર હોય, આ અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૪૯,૫૭૧–૦૦અંકે રૂા.એક લાખ, ઓગણપચાસ હજાર,પાંચસો એકોતેર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪૧.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૮ માં અંબુનગરનો રોડ વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૮,૮૭,૩૦૦–૦૦ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, વોર્ડ નં.–૮ માં અંબુનગરનો રોડ વિસ્તાર બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૮,૮૭,૩૦૦–૦૦અંકે રૂા.આઠ લાખ, સત્યાંશી હજાર,ત્રણસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪૨.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૮ માં મોગરાવાડી, માણેક ટેકરીવાળો રોડ , પેવરબ્લોકવાળો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૨,૬૭,૨૦૦–૦૦ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, વોર્ડ નં.–૮ માં મોગરાવાડી, માણેક ટેકરીવાળો રોડ વિસ્તાર બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૨,૬૭,૨૦૦–૦૦અંકે રૂા.બાર લાખ, સડસઠ હજાર,બસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪૩.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૮ માં પાણીની ટાંકી થી પ્રાથમિક શાળા પાસે સરકારી ગોડાઉન નજીકવાળો રોડ તથા ગલીઓ બિસ્માર હાલતમાં હોય ટ્રીમીક્ષ રસ્તો બનાવવાના કામનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૦,૦૬,૮૪૦–૦૦ મંજુર કરવા બાબત..

..૪૪..



<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, વોર્ડ નં.–૮ માં પાણીની ટાંકી થી પ્રાથમિક શાળા પાસે સરકારી ગોડાઉન નજીકવાળો રોડ તથા ગલીઓ બિસ્માર હાલતમાં હોય તથા આજુબાજુના રહીશોને આવવા–જવામાં તકલીફ પડતી હોય જે ધ્યાને લઈ સદર રસ્તાને ટ્રીમીક્ષ રોડ બનાવવો જરૂરી હોય,સદર કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૦,૦૬,૮૪૦–૦૦ અંકે રૂા.દશ લાખ,છ હજાર,આઠસો ચાલીસ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪૪.</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.ના નાગેશ્વર મંદિરની બાજુમાં શ્રધ્ધાધામ સોસાયટીવાળો રોડ પેવરબ્લોકવાળો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૩૩,૦૦૦–૦૦ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, વ.ન.પા.ના નાગેશ્વર મંદિરની બાજુમાં શ્રધ્ધાધામ સોસાયટીવાળો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તાર રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૩૩,૦૦૦–૦૦ અંકે રૂા. બે લાખ, તેત્રીસ હજાર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪૫.</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.ના નાગેશ્વર મંદિર પાસેનો પ્લોટવાળો રોડ પેવરબ્લોકવાળો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૭,૪૪,૪૦૦–૦૦ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, વ.ન.પા.ના નાગેશ્વર મંદિર પાસેનો પ્લોટવાળો રોડ / ગલી વિસ્તાર બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તાર રહીશોને આવવા જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૭,૪૪,૪૦૦–૦૦ અંકે રૂા.સાત લાખ,ચુમ્માલીસ હજાર,ચારસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪૬.</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.ના વોર્ડ નં.–૧૩,મણીબાગ–૩,નવીનભાઈના ઘર પાસેનો રોડ પેવરબ્લોકવાળો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૯૫,૧૦૦–૦૦ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે,વ.ન.પા.ના વોર્ડ નં.–૧૩, મણીબાગ–૩, નવીનભાઈના ઘર પાસેનો રોડ / વિસ્તાર બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તાર રહીશોને આવવા જવામાં

..૪૫..

મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય જે કામગીરી અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૯૫,૧૦૦–૦૦ અંકે રૂા.પંચાણુ હજાર,એકસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૪૭.

વિષયઃ– નગરપાલિકા હદ વિસ્તારમાં આંગણવાડી બાંધકામ બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું ના.સરકારશ્રીની **ICDS** યોજના અંતર્ગત નગરપાલિકા હદ વિસ્તારમાં આંગણવાડી બાંધકામ સંદર્ભે કા.સ.ઠ.નં.૧૩૪ / તા.: ૩૦–૦૫–૨૦૧૩ થી આંગણવાડી, બાંધકામ કરવા તેમજ મરામત કરવાના કામે આવેલ ૫(પાંચ) ટેન્ડરો પૈકી ઠેકેદારશ્રી ભરતકુમાર એ.ઓડેદરા,વલસાડનું સદર કામનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે.

મે.ના.સરકારશ્રીના આંગણવાડીના લક્ષયાંકો જરૂરી સમય મર્યાદામાં સિઘ્ધ કરવા જરૂરી હોય તથા સદરહું કામે ઉપરોકત કામના મંજુર થયેલ ભાવો મુજબ વલસાડની સ્થાનિક કક્ષાની એજન્સી પ્રાચી ચેરીટેબલ ટ્રસ્ટ, વલસાડે આંગણવાડી બાંધકામના મંજુર થયેલ ભાવે કામગીરી કરવા અંગેની લેખીત સંમતી તા.:૦૫/૦૬/૨૦૧૫ ના રોજ આપેલ છે. જે સંદર્ભે પ્રાચી ચેરીટેબલ ટ્રસ્ટ,વલસાડની નિમણુંક કરી સદર એજન્સીને પ.વ.ડી. જા.નં.૨૨૬ / તા.:૧૧–૦૬–૨૦૧૫ થી વર્કઓર્ડર આપી કામગીરી કરાવવામાં આવેલ છે અને ના.સરકારશ્રીની કામગીરી ઝડપથી કરવામાં આવનાર હોય. સદર મંજુર થયેલા ભાવથી, પ્રાચી ચેરીટેબલ ટ્રસ્ટ,વલસાડ પાસે કામગીરી કરાવેલ છે. જેથી કરાવેલ કામગીરીને બહાલ રાખી, જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૪૮.

વિષયઃ– નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદી જુદી સોસાયટીઓમાં ઈન્ટરલોકીંગ પેવરબ્લોક (**SJMMSVY-PART-2** ) બેસાડવાના કામ બાબત..

ઠરાવ.:–

નામદાર સરકારશ્રીની (**SJMMSVY- PART-2** ) યોજના હેઠળ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદી–જુદી સોસાયટીઓમાં ઈન્ટરલોકીંગ પેવરબ્લોક બેસાડવાના કામ અંગે નામદાર સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી થી પેવર બ્લોકના રસ્તાના કામ બાબતે વધારાની સહાય ( ગ્રાન્ટ ) રૂા.૨.૦૦ (બે) કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. સદરહું ગ્રાન્ટ અન્વયે નામદાર સરકારશ્રીના ૭૦% ફાળો તથા જે તે સોસાયટીઓનો ૩૦% ફાળો નગરપાલિકામાં જમા કરાવવાની શરતે તેમજ નગરપાલિકા હદ વિસ્તારમાં ખાનગી સોસાયટીઓના જે તે કામોના ૩૦% ફાળો નગરપાલિકામાં એડવાન્સ જમા કરાવ્યા બાદ ઉપરોકત જણાવેલ યોજના હેઠળ જે તે સોસાયટીઓમાં પેવરબ્લોકના રસ્તા બનાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૪૬..

વ.કા. નં.–૪૯.

વિષયઃ– સે.ક.ઠ.નં.૧૬૩ / તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ,આરોગ્ય શાખાના છોટા હાથી ટેમ્પો માટે ટાયર ટયુબો ખરીદવા બાબત..

ઠરાવ.:–

ના.ગુજરાત સરકારની અર્બન ડેવલપમેન્ટ કાું.ગાંધીનગર તરફથી નગરપાલિકાને કુલ–૬(છ) છોટા હાથી ટેમ્પો ધન કચરા નિકાલની કામગીરી સુદઢ કરવાના આશયથી ફાળવવામાં આવેલ છે આ ટેમ્પો માટે ૧૪૫ × આર × ૧૨ ની સાઈઝના ટાયર ટયુબોની જરૂરીયાત ઉપસ્થિત થતા તે અંગેના ભાવો આરોગ્ય શાખાએ મંગાવેલ અને આ આવેલ ભાવો સેનેટરી કમીટીએ તેના ઠરાવ નં.૧૬૩ / તા.:૧૯–૧૦–૨૦૧૫ થી મંજુર કરી જુદા જુદા ટેમ્પો માટે જરૂરીયાત મુજબ જુદા જુદા વર્ક ઓર્ડર આપી શ્રી સાંઈ રાજ ટ્રેડર્સ, કિલ્લા પારડી તા.પારડી,જી.વલસાડ પાસેથી ખરીદવાનું તથા આ ખરીદીનો ખર્ચ નગરપાલિકાને ચાલુ સાલે ગુ.મ્યુનિ.ફા.બોર્ડ, ગાંધીનગરની કચેરીએથી મળેલ 'સફાઈ વેરા પ્રોત્સાહન ગ્રાન્ટ ' માં પાડવાનું કારોબારી સમીતીની મંજુરીની અપેક્ષાએ મંજુર કરેલ છે જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી ધર્મિન. પી. શાહ )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડ નગરપાલિકા.